# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.15 - Issue 08
August 2022
Price 12/-



**रक्षाबंधन**
की हार्दिक शुभकामनाएं

**15 August**
INDIA INDEPENDENCE DAY

*In Memories of*
*Sweet Dadiji*

**દાદી પ્રકાશમણીજીનો સ્મૃતિ દિવસ (25-08-2007)**



happy Janmashtami




વડોદરા અટલાદરામાં 'કલ્પતરૂ' પ્રોજેક્ટ અંતર્ગત ગૃહવાટિકાનું ઉદ્‌ઘાટન કરતાં ગ્રામ વિકાસ પ્રભાગના સંયોજક બ્ર.કુ. રાજુભાઈ, ઝાયડેક્ષના CEO ડૉ. અજયભાઈ રાનકા, બ્ર.કુ. અરૂણાબેન.



અમરેલીમાં 'કલ્પતરૂ' પ્રોજેક્ટના ઉદ્‌ઘાટનમાં બ્ર.કુ. ગીતાબેન, રોટરી ક્લબના પૂર્વ પ્રમુખ ભ્રાતા અંબરીશભાઈ, પૂર્વ સેક્રેટરી ભ્રાતા રવિભાઈ, નગરપાલિકાના સભ્ય ભ્રાતા હરેશભાઈ.




સુરત રાંદેર સેવાકેન્દ્રના 'કલ્પતરૂ' કાર્યક્રમમાં બ્ર.કુ. લીલાબેન, ચીફ કન્ઝરવેટર ફોરેસ્ટ ભ્રાતા ચિંતરંજન સોનવાણે, વનરક્ષકો શુભાંગીબેન તથા હેતલબેન, બ્ર.કુ. ઉમેશભાઈ, બ્ર.કુ. ઋષિબેન.



ધાંગધ્રામાં 'કલ્પતરૂ' પ્રોજેક્ટમાં સરકારી દવાખાનામાં વૃક્ષારોપણ બાદ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રમેશ ભલાલા, વહીવટી અધિકારી ભ્રાતા કિરીટભાઈ, હેડ નર્સ મીરાબેન, અન્ય સ્ટાફ સાથે બ્ર.કુ. મીનાબેન.



રાજકોટ મ્યુ. કોરપોરેશન દ્વારા આયોજિત 'યોગા ડે'નું ઉદ્‌ઘાટન કરતાં પુરુષાર્થ યુવક મંડળના પ્રમુખ કિશોરભાઈ, કાઉન્સીલર પરેશભાઈ, દિલીપભાઈ, બ્ર.કુ.રેખાબેન, બી.કે.અંજુબેન, બી.કે.લક્ષ્મીબેન.




બાંટવામાં 'વિશ્વ યોગ દિવસે' નગરપાલિકા પ્રમુખ રણજીતભાઈ, શહેર BJP સુનિલભાઈ, PI વિજયાબેન, યોગ ગ્રુપના પ્રમુખ ધનશ્યામભાઈ, સરકારી શાળાના આચાર્ય સુવાભાઈ, બ્ર.કુ. મધુબેન.



સિધ્ધપુરમાં 'ડૉકટરર્સ ડે' કાર્યક્રમમાં ડૉ. આકાશભાઈ, આર્થોપેડિક સર્જન ડૉ. તેજસભાઈ, હોમિયોપેથી ડૉ. પીનલબેન, ડૉ. પૃથ્વીભાઈ, ડેન્ટીસ્ટ ડૉ. ખુશાલીબેન, બ્ર.કુ.વિજયાબેન, બ્ર.કુ. દક્ષાબેન.




અમદાવાદ ઈસનપુર ખાતે 'વિશ્વ યોગ દિવસે' પતંજલિ યોગ ગ્રુપ, હેગડેવાર સ્મારક સમિતી દ્વારા આયોજીત યોગ શિબિરમાં રાજયોગનો સંદેશ આપતાં બ્ર.કુ. જાગૃતિબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ ઓગસ્ટ - ૨૦૨૨ અંક : ૦૮

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- પવિત્રતા ....................................... તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................... દાદા જાનકીજી ..08
- બ્રહ્માબાપ સમાન, કર્માતીત .......... બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ..10
- પ્રસન્નતાના પથ પર .................... બ્ર.કુ. શિવાનીબેન ..14
- સાધના પ્રાપ્તિ .......................... બ્ર.કુ. ડો. નિરંજના ..15
- કોણ ભૂલી શકે આવાં પ્યારા ........ બ્ર.કુ. ગોદાવરીબેન ..16
- નૂતન વિશ્વનો આધાર - રક્ષાબંધન ..... બ્ર.કુ. ગીતાબેન ..18
- પ્રસંગ પરિમલ ................................................ ..21
- પર્યાવરણ ..................................... બ્ર.કુ. મધુબેન ..24
- સમાજ પરિવર્તનમાં નારીવર્ગનું ........ બ્ર.કુ. રોહિતભાઈ ..26
- સદ્‌ગુણ - અવગુણ કે કારણ ........... બ્ર.કુ. નરેન્દ્રભાઈ ..28
- અજ્ઞાનવશ કરેલાં કર્મોનું ફળ ....... બ્ર.કુ. ભગવાનભાઈ ..31
- દિવ્યદર્શન ................................. બ્ર.કુ. નંદિનીબેન ..32
- સંગમયુગની શબ્દાવલી ....................................... ..34



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

### આવશ્યક નોંધ

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# પવિત્રતા

**પરિભાષા -** રાજયોગી જીવનનો શ્રૃંગાર દિવ્યગુણો છે. તેમાંયે પવિત્રતાનું સ્થાન તો શિરોમણિ છે. પવિત્રતા રાજયોગી જીવન, બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) જીવનનો પાયો છે. પવિત્રતાના મૂલ્યને સમજનાર સાધક યથાર્થ યોગી બને છે. **પવિત્રતા સુખશાંતિની જનની છે.**

પવિત્રતાની ધારણાને બ્રહ્મચર્ય કહેવાય છે. બ્રહ્મચર્ય અર્થાત્ ઈન્દ્રીય સંયમ. બ્રહ્મચારી અર્થાત્ બ્રહ્માચારી. બ્રહ્માબાબાના દરેક કર્મના ડગલા ઉપર ચાલનાર પવિત્ર અર્થાત્ પ્રામાણિક યોગી.

પવિત્રતાની ધારણા યુવા ભાઈઓ, બહેનો, ગૃહસ્થી ભાઈઓ-બહેનો, વૃધ્ધો સર્વ કરી શકે છે. સાંપ્રત સમયે તેની અતિ આવશ્યકતા છે કારણ કે પવિત્રતાએ આત્માનું અનાદિ અને આદિ સ્વરૂપ છે. પવિત્રતા દૃષ્ટિ, વૃત્તિ, કૃતિમાં દૃશ્યમાન થાય. તે માટે પોતાના સંકલ્પોને શુદ્ધ, જ્ઞાન સ્વરૂપ, શક્તિ સ્વરૂપ બનાવવાનો પુરુષાર્થ કરવાનો છે. પવિત્રતાની સાથે સત્યતા અને દિવ્યતા પણ જોડાયેલી છે. પવિત્રતાના આધારે યોગીનો ચહેરો રુહાનિયત પૂર્ણ બને છે.

ભક્તિમાર્ગમાં લોકો ખંડ સમય કે નિશ્ચિત સમય માટે પવિત્રતાનું પાલન કરે છે પણ સમય વીતતાં પૂર્વવત્ વિકારી જીવન શરૂ થઈ જાય છે. જ્યારે પરમપિતા શિવ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા જ્ઞાન આપીને જણાવ્યું છે કે કલિયુગના અંત અને સતયુગના આરંભ વચ્ચેનો આ ગાળો એ કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગ છે. પરમાત્માએ આ છેલ્લા જન્મમાં પવિત્રતાનું અખંડ, અટલ વ્રત લેવાનું કહ્યું છે. તેથી બ્રહ્માવત્સ સમાન હોલીએસ્ટ બનવાનું, તપસ્વીઓએ લક્ષ્ય રાખવું જોઈએ.

### સમયનો પોકાર - પરમાત્માની અપીલ

ઈશ્વરીય મહાવાક્યો ઘણાં સૂચક છે. ''**હવે આ કલિયુગી સૃષ્ટિનો મહાવિનાશ નિકટ છે. હવે મારી આજ્ઞા "Ordinance" છે કે પવિત્ર બનો. બ્રહ્મચર્યનું પાલન કરો અને કામરૂપી મહાશત્રુને જીતો. કારણ કે હવે મારે દેવી-દેવતાઓ, શ્રી લક્ષ્મી-શ્રીનારાયણનું પાવન રાજ્ય સ્થાપિત કરવું છે. હવે મારે આ સમગ્ર ભારતને વેશ્યાલયમાંથી શિવાલય અથવા દેવાલય બનાવવાનું છે. આમેય આ સૃષ્ટિના મહાવિનાશથી સર્વવિકારો તો દૂર થવાના જ છે. પરંતુ જો તમે સ્વેચ્છાથી બ્રહ્મચર્યનું પાલન કરશો તો આવનાર દૈવી સ્વરાજ્યમાં જન્મ જન્માંતર માટે પવિત્ર અને દૈવી રાજ્યના સહભાગી બનશો. તો શું આપ બાળકો થોડા સમય માટે પણ કામવિકાર નહીં છોડો ? ગંદી આદતને છોડી શકો એટલી પણ તમારી મારી સાથે પ્રીતિ નથી?**''

### કોને પવિત્રતાનો ભંગ કહેવાય ?

કેટલાક લોકો કામવિકારને જીતવાની વાત જ પવિત્રતા ગણે છે. પણ પવિત્રતાનું કાર્યક્ષેત્ર એટલું સીમિત નથી. **પરમાત્માએ પવિત્રતાની ગુહ્ય પરિભાષા આપી તેની સ્થૂલ, સૂક્ષ્મ ધારણાનો આદેશ આપ્યો છે. આ દૃષ્ટિએ જોઈએ તો કોઈના દેહ પ્રત્યે, શારીરિક સૌંદર્ય પ્રત્યે આકર્ષિત થવું તે પવિત્રતાનો ભંગ છે. તે રીતે ઈશ્વરીય મર્યાદાઓ વિરુદ્ધ કર્મેન્દ્રિયોનું ખેંચાણ, કર્મેન્દ્રિયોને આધીન થવું, મનમાં અશુદ્ધ વિચારો જન્મવા, હદની કામનાઓ હોવી, વિવેકશક્તિ નષ્ટ થઈ જવી તે પવિત્રતાના ભંગ સમાન છે.**

પવિત્ર યોગીના સર્વ સંબંધો એક પરમાત્મા સાથે જ હોય છે. તે એક પરમાત્માના બળ અને ભરોસા ઉપર જ જીવે છે. આમ છતાં સંગદોષમાં આવી કોઈના પ્રત્યે ખરાબ જોવું, વિચારવું, બોલવું અને સાંભળવું તે ઈચ્છનીય નથી. જ્યારે કોઈ યોગી મુંઝવણમાં રહે, આળસ આવે, ઉદાસીનતા આવે, જ્ઞાનયોગ, ઈશ્વરીય જીવનમાં રસ ઓછો થતો જાય, ઉમંગ ઉત્સાહ ઘટે, રાજયોગી જીવનની દિનચર્યા પ્રત્યે શિથિલતા જન્મે - આ સૌ પવિત્રતાના ભંગ સમાન છે.

**યોગીએ યોગીજીવનની મર્યાદા વિરુદ્ધ કોઈની સાથે એકલતા, નિકટતા કેળવવાનો પ્રયાસ ટાળવો જોઈએ. પ્રિય વ્યક્તિ સાથેની વધુ મુલાકાતો, પત્ર વ્યવહારો કે ફોન ઉપરની લાંબી વાતો હસી મજાક પતનને નોંતરે છે. ભિન્ન ભિન્ન ધર્મોમાં એવાં કેટલાંયે દૃષ્ટાંતો છે કે આવાં કારણોથી જ તેઓ યોગમાર્ગથી વિચલિત થઈને સંસારી બને છે. ત્યારે તેમની સ્થિતિ ધોબીના કૂતરા જેવી થાય છે.**

સ્વાદેન્દ્રિયની ગુલામી, માનશાન, પદપ્રતિષ્ઠાની તેમજ વ્યક્તિગત પ્રસિદ્ધિની કામના નૈતિક મૂલ્યોથી નીચે લાવે છે. લાંબે ગાળે તે નુકસાનકારક નીવડે છે. અહંભાવનો અતિરેક પતન નોંતરે છે. કોઈ પણ આત્મા પ્રત્યે નિંદા, દ્વેષભાવ, નફરત કે ઘૃણાભાવ, વેરઝેર - પવિત્રતાના ભંગ સમાન છે. વળી યોગીએ ટ્રસ્ટીશીપની ભાવનાને જાળવી રાખીને યજ્ઞરક્ષક બનવાનું છે. અમાનત (થાપણ)માં ખ્યાનત (વૃત્તિ બગાડવી) એ પવિત્રતાના ભંગ બરોબર છે.

**જ્ઞાન મળ્યા પછી પવિત્રતાની, ખાનપાનની શુદ્ધિ, નિયમિત જ્ઞાન સ્નાન કરવાની ધારણા મજબૂત કરો, તો અન્ય દૈવીગુણો સ્વાભાવિક રીતે આવે છે, પ્રસન્નતામાં વૃદ્ધિ થાય છે. તેમ નહીં કરનારના જ્ઞાનમાં વૃદ્ધિ થતી નથી, યોગ લાગતો નથી કે આંતરિક ખુશી મળતી નથી.**

## પવિત્રતાની ધારણામાં પરિપક્વતા ક્યારે આવે?

**શુદ્ધ, સાત્ત્વિક આહારથી પવિત્રતાની ધારણામાં બળ મળે છે. તે રીતે નિયમિત જ્ઞાન સ્નાન જરૂરી છે. પવિત્રતાની ધારણા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈ દરરોજ એ પ્રતિજ્ઞાનું સ્મરણ રહે તે જરૂરી છે. નિરંતર આત્મિક સ્થિતિ રાખવી, યોગનો ગહન અભ્યાસ કરવો, વખતો-વખત ભઠ્ઠી દ્વારા તપસ્યાની ગહન અનુભૂતિ કરવી. શક્ય હોય તો શાંત, પ્રાકૃતિક સૌંદર્યયુક્ત તપસ્યા ધામમાં જવું, સાધના ભવનમાં જવું. તેથી પવિત્રતાને બળ મળે છે. અશરીરી બનવાનો સતત અભ્યાસ કરવો જેથી કર્મેન્દ્રિયો શીતળ બનતાં પવિત્રતાની ધારણા સહજ બને છે.**

મનની પવિત્રતા ચીડિયાપણાને દૂર કરી શાંત, શીતળ, સ્વસ્થ યોગી બનાવે છે. તેથી સતત લક્ષ્મી નારાયણના લક્ષ્યની સ્મૃતિ રહે. બ્રહ્માબાબાને નિરંતર એ સ્મૃતિ રહેતી હતી. સંસ્કૃતમાં કહ્યું છે કે 'कामातुराणां न भयं न लज्जा' અર્થાત્ કામાતુરમાં ભય કે લજ્જા હોતાં નથી. યોગી કામાતુર વ્યક્તિના જીવનના પતનનો વિચાર કરી, દીર્ઘદૃષ્ટિ રાખે, તો પવિત્રતા દૃઢ બને. **પવિત્રતા આપણી અમૂલ્ય મૂડી છે. તેનું જતન કરીએ.** સર્વ સાથે ભાઈ-ભાઈની દૃષ્ટિ રાખીએ તો પવિત્રતા પણ શાશ્વત રહે.

જે અમૃતવેળાનું અને યોગીની દિનચર્યાનું મહત્ત્વ સમજીને તેમાં ચુસ્ત રહે છે તે જ પવિત્રતાની ધારણા સહજ રીતે કરી શકે છે. વળી દિલમાં સચ્ચાઈ, સફાઈ હશે તો પવિત્રતાની ધારણા સહજ બનશે. તે માટે વ્યર્થ સંકલ્પોનો ત્યાગ, પરચિંતન, પરદર્શનનો ત્યાગ જરૂરી છે. તેમજ સરલચિત્ત બનવું પણ આવશ્યક છે.

શ્રૃંગાર પ્રધાન નવલકથાઓ, અશ્લીલ પત્રિકાઓ, ટી.વી. ચેનલોના હલકા કાર્યક્રમો, જાતીયતાને ઉશ્કેરે તેવાં દૃશ્યો, ચિત્રો આદિનો ત્યાગ કરવાથી પવિત્રતામાં દૃઢતા આવે છે. દૃષ્ટિ, વૃત્તિ, કૃતિમાં કામુકતાનો કોઈ અંશ ન રહે. તેની સતત સાવધાની પવિત્રતાની ધારણાને પરિપક્વ બનાવે છે. પવિત્ર આત્મા પોતાની શક્તિ, સમય, સંકલ્પ, વ્યર્થ ગુમાવશે નહીં. તે સ્વયં સ્વમાનમાં રહીને દરેકને સન્માન આપવાથી પવિત્રતાની રોયલ્ટી પ્રત્યક્ષ થાય છે. પવિત્ર આત્મા સ્વયં સંતુષ્ટ, પ્રસન્ન રહી અન્યને પણ સંતુષ્ટ તથા પ્રસન્ન કરવાનો પુરુષાર્થ કરશે. પવિત્રતાની ધારણા માટે બે વાતો મહત્ત્વની છે. (૧) કોઈની વિશેષતાઓથી પ્રભાવિત ન થતાં તેના ગુણોને ગ્રહણ કરવા પણ આસક્તિવશ ન બનવું. (૨) કોઈ વાતને સિધ્ધ કરવામાં પોતાની જીદ કરીને પોતાની શક્તિઓ વ્યર્થ ગુમાવવી જોઈએ નહીં.

પવિત્રતાની શક્તિ પ્રકૃતિને પણ સતોપ્રધાન બનાવે છે. વિશ્વનાં જડ, ચૈતન્ય સર્વને પાવન બનાવે છે. તેથી સતયુગમાં આત્મા, શરીર અને પ્રકૃતિનાં સાધનો પણ સતોપ્રધાન બને છે. સદા એક પરમાત્માના શ્રેષ્ઠ સંગમાં રહેવાથી હોલીએસ્ટ અને હાઈએસ્ટ બની શકાય છે. પ્યુરિટીની રોયલ્ટીમાં રહેવાથી હદનાં આકર્ષણોથી ન્યારા બની શકાય છે.

ગંગા આદિ સરિતાઓ કે જળાશયોમાં **સ્નાન કરવાથી શરીર શુદ્ધ થાય છે. પણ મનનો મેલ ધોવાતો નથી.** ક્યારેક તો ઘરના પાણી કરતાં જળાશયોનું પાણી અતિ પ્રદૂષિત હોય છે. તેથી મનનો મેલ ધોવા, ષડ્રિપુઓ ઉપર વિજય મેળવવા પરમાત્મા સાથે પ્રીતબુદ્ધિ બની, જ્ઞાન યોગના નિયમિત ગહન અભ્યાસથી અને તીવ્ર વૈરાગ્યથી પવિત્ર બની શકાય છે. આવી પવિત્રતા જ યથાર્થ પવિત્રતા છે.

## ઉર્ધ્વગતિનો આધાર - પવિત્રતા

જીવનમાં જે ક્ષેત્ર અપનાવ્યું હોય તેમાં ઉર્ધ્વગતિ થાય તેવું સૌ કોઈ ઈચ્છે છે. રાજયોગી જીવનમાં પવિત્રતાની સંપૂર્ણ ધારણા કરવાથી કર્મોમાં શ્રેષ્ઠતા આવે છે. મનોબળમાં દૃઢતા, આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય છે. વળી નિરંતર પ્રસન્નતાનો અનુભવ થાય છે. પવિત્રતાના દિવ્યગુણથી પરમાત્મપ્રેમના અધિકારી બની શકાય છે. કમલપુષ્પ સમાન ન્યારા-પ્યારા બનવાથી ચરિત્ર શ્રેષ્ઠ બને છે. સંપૂર્ણ પવિત્રતાથી યોગ સહજ બને છે. આ ઉપરાંત મનુષ્ય નિરોગી, સુખી, પ્રસન્ન રહે છે. તેના કાર્યોમાં કુશળતા આવે છે. પવિત્રતાથી સત્યતા આવે છે. સત્યતામાંથી અનેક ગુણો જન્મે છે. મન, વાણી, કર્મની પવિત્રતા જ સંપૂર્ણ કર્માતીત બનવાનો માર્ગ મોકળો બનાવે છે.

**પવિત્ર આત્માના નયનોમાંથી યોગનાં આંદોલનો પ્રગટીને આત્માઓને સુખ, શાંતિ, શક્તિની અનુભૂતિ કરાવે છે. વાયુ મંડળને શુદ્ધ બનાવે છે. પવિત્રતા યોગીને શક્તિશાળી બનાવે છે. બાબા જે ઈચ્છે છે તે પરમાત્માની પ્રત્યક્ષતા સંપૂર્ણ પવિત્ર યોગીઓ દ્વારા જ થશે. પવિત્ર આત્માનો પ્રત્યેક વ્યવહાર રુહાનિયતપૂર્ણ હોય છે. સંપૂર્ણ પવિત્ર આત્માઓનો પ્રભાવ વિકારી, વ્યસની આત્માઓ ઉપર પડે છે અને તેમનું જીવનપરિવર્તન કરાવી શકે છે.**

પવિત્ર આત્મા સ્વયં સુખશાંતિ સ્વરૂપ હશે સાથો-સાથ અન્યને પણ સુખશાંતિ સ્વરૂપ બનાવવા માટે નિમિત્ત બનશે. તે સર્વ પ્રત્યે શુભભાવના, શુભકામના રાખશે અને નિરંતર ચઢતીકળાનો અનુભવ કરશે. પવિત્રતાની ગુહ્ય ધારણાથી પરમ પૂજ્ય આત્મા બની શકાય છે. વિશ્વ પરિવર્તનના કાર્યમાં નિમિત્ત બનાવે છે. દુઃખી, હતાશ, નિરાશ, વિવિધ તાપમાં તપ્ત

આત્માઓને તે શીતળ બનાવે છે.

સંપૂર્ણ પવિત્ર યોગી પરિણામલક્ષી મનસા સેવા કરી શકે છે. પ્યુરિટીની રોયલ્ટીવાળા બ્રહ્માવત્સને પુરુષાર્થ કદી મહેનત લાગશે નહીં. પવિત્ર યોગી અચલ, અડોલ, એકરસ, નિર્ભય, નિશ્ચિંત અવસ્થામાં રહી શકે છે. પવિત્ર યોગીઓ સંસારને નમાવી શકે છે. રાજાઓ, સત્તાધીશો એમની આગળ ઝૂકી જાય છે. પવિત્રતાથી અદૃમ્ય નૈતિકબળ જન્મે છે. પવિત્રતાની શક્તિથી વસ્તી વિસ્ફોટ, બેકારી, શોષણ જેવી અનેકવિધ સમસ્યાઓનું સમાધાન શક્ય છે. વળી પવિત્રતાની ધારણાથી શારીરિક - આત્મિક શક્તિ આવે છે.

પવિત્ર યોગી વયોવૃદ્ધિ કે કર્મભોગના હિસાબ કિતાબના ફળ સ્વરૂપે બીમાર પડે છે આમ છતાં તે ગહન યોગાભ્યાસ અને સહનશક્તિને લીધે વેદનાથી મુક્તિનો અનુભવ કરે છે. કારણ કે પવિત્ર યોગીનું દિલ સદા દિલારામ બાપ (શિવબાબા)માં લાગેલું રહે છે. પવિત્ર આત્માના ચહેરા, ચાલ ચલગત સૌમાં ચમક આવી જાય છે. સંપૂર્ણ પવિત્ર આત્મા અલૌકિક ફરિસ્તાની અનુભૂતિ કરાવે છે. પવિત્રતાની શક્તિમાં દુઆની શક્તિ છે. પવિત્ર આત્માની દૃષ્ટિ, વૃત્તિ, સદાકાળની પ્રાપ્તિ કરાવે છે. આવા માસ્ટર દુઃખહર્તા, સુખકર્તાની ભક્તિ માર્ગમાં પણ પૂજા થાય છે.

પવિત્રતાની શક્તિ માયાજીત, કર્મેન્દ્રિય જીત, વિજયી બનાવી દે છે. આ શક્તિ લાઈટના તાજધારી બનાવે છે. જેની યાદગાર સતયુગમાં દેવતાઓને શિરે પવિત્રતાનો તેમજ રત્નજડિત તાજ હોય છે. પવિત્રતાની ગહન ધારણાથી દરેક કર્મ પણ યથાર્થ અને શ્રેષ્ઠ બને છે. આમ સંપૂર્ણ કર્માતીત અવસ્થાની ધારણા માટે, પરમાત્માની પ્રત્યક્ષતા માટે પવિત્રતાની ગહન ધારણા કરવી એ આજનો યુગધર્મ છે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 27નું અનુસંધાન)... સમાજ પરિવર્તનમાં**

સ્વપરિવર્તન કરવાની આવશ્યકતા છે. આજે નારી લાયોનેસ, ઈનરવીલ જેવી ક્લબો કે મહિલા મંડળો ચલાવે છે. જેમાં અનેક કાર્યો કરે છે પરંતુ આપણે સમાજને બદલવો છે. શ્રી રામ અને શ્રી કૃષ્ણ જેવી વિભૂતિઓને આ ધરા પર લાવવી છે. સતયુગી દૈવી સમાજ સ્થાપન કરવો છે. તો નારીએ સૌ પ્રથમ યશોમતી કે કૌશલ્યા મા, શ્રી સીતા શ્રી રાધે બનવું પડશે. સ્ત્રી શક્તિ જાગૃત થાય તો એ ઘણું કરી શકે. સ્ત્રી શક્તિરૂપા બને શિવશક્તિ બને. તેને માટે મર્યાદાયુક્ત જીવન અપનાવે. મર્યાદા પહોરવેશની, વાણીના વ્યવહાર અને વર્તનની. આંતરિક મનોમળ કેળવે, આંતરિક ગુણોનો વિકાસ કરે એને માટે જરૂરી છે આધ્યાત્મિકતાની, ઈશ્વરે પણ આ ધરા પર અવતરિત થઈને સ્ત્રીશક્તિને પુનઃ આગવું સ્થાન આપ્યું છે. સ્ત્રીને સ્વર્ગનું દ્વાર બનાવી છે. બહેનો પર જ્ઞાનનો કળશ રાખ્યો છે. સ્વર્ણિમ સંસારની પુનઃ રચનામાં નારીને અગ્રસ્થાને બેસાડી છે. સંસ્થાના સંચાલનથી માંડીને સંસ્થાનું નામ પણ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય આપ્યું છે. આ વિદ્યાલયના મુખ્ય સચાલિકા બહેનો-દાદીઓ છે કે જેઓ દૃઢ, સ્વતંત્ર, નિષ્પક્ષ, તાણમુક્ત, કર્મઠ, શાંત અને શીતળ પ્રકૃતિના કુશળ સંચાલિકા છે. કે જેઓ વિશ્વપરિવર્તનનો ઝંડો હાથમાં લઈને હજારો નર-નારીઓને જાગૃત કરી, એમના જીવનનું પરિવર્તન કરી શ્રેષ્ઠ સ્વર્ણિમ સમાજના નિર્માણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યાં છે.

**॥ઓમશાંતિ॥**

## અમૃતધારા

# કયું ફળ કયા કર્મનું પરિણામ છે.

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



શિવબાબા આવ્યા છે આપણા સર્વ મનોરથો પૂર્ણ કરવા પણ જ્યારે આપણું દિલ સાફ હોય છે ત્યારે મનોરથો પૂર્ણ થાય છે. સાફ દિલથી મનોરથો સફળ થાય છે. ઈચ્છાઓ સારી ઉન્નતિ કરાવે તેવી હોવી જોઈએ. જેમાં અન્યનું પણ કલ્યાણ સમાયેલું હોય, તો ઈચ્છાઓ અવશ્ય પૂરી થાય છે. પણ શરત છે કે દિલ સાફ હોવું જોઈએ. બાબા કહે છે બાળકો, સ્વધર્મમાં સ્થિત થવા માટે મનથી શાંત અને વાણીથી પણ મૌન રહેવું મુખ્ય જરૂરી છે. જેટલા મૌનમાં રહીશું એટલી મનની એકાગ્રતા સહજ, સારી અને સ્થિર બની શકે છે. આવશ્યક વિનાના બોલ પણ મનની એકાગ્રતા માટે વિઘ્નરૂપ છે. તે બુદ્ધિને સ્થિર, શાંત થવા દેતા નથી. કાચબો જેમ જરૂર હોય ત્યારે કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરે છે અને જરૂર ના હોય ત્યારે અંગો સમેટી લે છે. આ રીતે સ્વધર્મમાં સ્થિત થઈએ. હું આત્મા કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરાવી રહ્યો છું તેનું ભાન રહે. બાબાનું સત્યધર્મની સ્થાપનાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં હું મદદગાર છું. મારાં મન, વચન, કર્મ, સત્યધર્મની સ્થાપના માટે છે.

ધર્મની પાલનામાં આપણે કોઈપણ હાલતમાં નીચે આવીએ નહીં. સ્વધર્મમાં સ્થિત રહીએ. મહેનત ના કરવી પડે તેવી સાહજિક અડોલ સ્થિતિ બની રહે. જો કોઈ સમયે કોઈ થોડો ઘણો સહયોગ આપે છે જે સેવા કરે છે એનું બાબા (પરમપિતા શિવ પરમાત્મા) રીટર્ન આપે છે. ભક્તિમાર્ગમાં પણ કોઈ હોસ્પિટલ ખોલે છે તો બાબા તેનું રીટર્ન કરે છે. આપણે જોઈ રહ્યા છીએ કે કોઈપણ આત્મા કંઈપણ સેવા કરે છે તો ભગવાન એને એનું ફળ આપે છે. કોઈ આત્માએ કરેલી સેવા બદલ જો હું ફળ આપું છું તો તે આત્માને હું ભગવાનથી વંચિત કરું છું. તો હું પાપ કરું છું. (કોઈપણ સ્વરૂપે) એને રીટર્ન કરું છું તો એને એવું લાગે છે તેઓ મારા માટે કરે છે. આનાથી કર્મનો હિસાબ કિતાબ બંધાય છે. કોઈ ગમે તેટલું કરે અને આપણે આભાર ના માનીએ એમ નહીં. આભાર ના માનવો તે સભ્યતા નથી. પણ એનો અર્થ એ નહીં કે હું સહયોગ આપનારના ગુણ ગાયા કરું. આવું ન બનવું જોઈએ. હું શા માટે ગુણ ગાઉં. એને ભાગ્ય બનાવવાની તક મળી છે. તેના બદલામાં તેને ખુશી મળે છે. બાબા સર્વને પ્રત્યક્ષફળ ખુશી આપે છે. હું શુભ ચિંતક છું તો બાબાને રીટર્ન આપવા દઉં. બાબા જે રીટર્ન આપશે. તે હું નહીં આપી શકું. દરેક આત્માનું ધ્યાન બાબા તરફ જાય તેવી આપણી સેવા હોવી જોઈએ. સહયોગ કરનાર સિકીલધા (પાંચ હજાર વર્ષ પછી મળેલા) લાડલા સંતાન બનીને પૂરો વારસો લે. મારા લાડલા ના બને. બાબાના લાડલા બને. આપણી ભાવના અનાસક્ત હોય, પોતાની કોઈ આસક્તિ ના હોય.

દરેક આત્માનું ધ્યાન સ્વયં તરફ ના ખેંચાવીને બાબા તરફ ખેચાવવું આ શુભ ભાવના છે. આપણા સુપ્રીમ ટીચર કહે છે કે જે હું સમજાવી રહ્યો છું, જે રીતે સમજાવી રહ્યો છું તેવું તમારી બુદ્ધિમાં બેસી જાય. કારણ કે કોઈ વાત બાકી રહી

જશે, તો અભૂલ નહીં બની શકાય. આત્મ-અભિમાની હોતા નથી. યા ડ્રામા ઉપર વિશ્વાસ ના હોવાને લીધે ભૂલ થાય છે. જો આત્માનું સંપૂર્ણ જ્ઞાન બુદ્ધિમાં છે, તો દુઃખ યા અફસોસની કોઈ વાત જ નથી. કેટલાકને દુઃખ નથી થતું પણ થોડો અફસોસ થાય છે. દુઃખ, શોક, અફસોસ ત્રણેમાં ફરક છે. દુઃખ માટે કહેવાય છે ના દુઃખ આપો, ના દુઃખ લો. પણ એવું નહીં કે થોડો અફસોસ પણ ના કરો. શોક થાય છે તે પણ સારું લાગતું નથી. જો આત્માનું જ્ઞાનસારી રીતે જેવું છે તેવું બુદ્ધિમાં બેસી જાય છે તો આ વાતથી મુક્ત રહી શકાય છે. આ આત્મ અભિમાની સ્થિતિ દુઃખ અફસોસ થવા દેતી નથી. આપણી રુહાની કમાણીનો આધાર છે દેહી અભિમાની સ્થિતિ. જે હું શબ્દથી ઉન્નતિ થાય છે તે જ શબ્દથી અવનતિ થાય છે. હું કહેતા જ આત્માનું પોતાનું સ્વરૂપ તથા પોતાના શ્રેષ્ઠ ગુણ સ્મૃતિમાં આવી જાય.

એ વાત તો સૌ માને છે કે મનુષ્ય કર્મ વગર રહી શકતો નથી. કોઈપણ કર્મને છોડી દેવું તે પણ એક કર્મ છે. અને રોકી દેવું એ પણ કર્મ છે. અને એને ન કરવાની ચેષ્ટા કરવી તે પણ એક માનસિક કર્મ છે. જે આત્મા આ કર્મ ક્ષેત્ર પર આવી જાય છે અને શરીર રૂપી કર્મેન્દ્રિયોનો સાથ લે છે, તે કર્મ વિના રહી શકતો નથી. નિદ્રા કરવી પણ એક કર્મ છે, જે શરીરને વિશ્રામ આપવા માટે કરવામાં આવે છે.

લોકો એ પણ માને છે કે મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તે ભોગવે છે. મનુષ્યને એ ખબર પડતી નથી કે કયું ફળ કયા કર્મનું પરિણામ છે. કર્મનું ફળ એને વહેલા યા મોડેથી મળે છે. પરંતુ જે કર્મ કરી લીધું છે એનું ફળ તો ભોગવવું પડે છે. મનુષ્ય એને ભોગવવા ન ઈચ્છે, તો પણ એનાથી મુક્ત થઈ શકતો નથી. એનાથી મુક્ત થવાનો એક માત્ર ઉપાય યોગ તપસ્યા છે. કેટલીક વાર મનુષ્ય દ્વારા કરવામાં આવેલું નીચલીકક્ષાનું કર્મ એટલું બળવાન હોય છે કે એ એના મનને યોગમાં રસ લેવા દેતું નથી.

જ્યારે કર્મ અને એનું ફળ નક્કી છે અને મનુષ્યે કર્મ કરવાનું જ છે તો મનુષ્યે વિચારવું જોઈએ કે એણે શું કરવાનું જ છે. મનુષ્યનું કોઈ પણ કર્મ ઉદ્દેશ્ય વગરનું હોતું નથી. જ્યારે કોઈ મનુષ્ય કહે છે કે હું આ કર્મ તો એમ જ કરું છું. તે માટે મારા મનમાં કોઈ લક્ષ્ય નક્કી નહોતું. આવી પરિસ્થિતિમાં પણ કોઈને કોઈ ઉદ્દેશ્ય તો હોય છે જ. એના ચેતન મનમાં એ સ્પષ્ટ ના હોય કે એનો ઉદ્દેશ્ય શું છે પરંતુ એના અવચેતનમાં તો કોઈ ઉદ્દેશ્યથી જ તે કર્મ માટે પ્રેરિત થાય છે.


તેથી જો કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી તો એનું ફળ પણ અવશ્ય ભોગવવું પડે છે અને કર્મનો ઉદ્દેશ્ય તો હોય છે જ. તો મનુષ્ય કર્તા અને ફળ ભોક્તાને જાણવાનો પ્રયત્ન કરે. કર્મની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરે અને કર્મના મૂળ લક્ષ્યને પણ જાણે. આ સંસાર તો પરિવર્તનશીલ છે અને મનુષ્યનું શરીર પણ પરિવર્તનના નિયમને આધીન છે. ત્યારે અવશ્ય જ કોઈ એવો શાશ્વત અથવા નિત્ય કર્તા છે જે કેટલાયે વર્ષો પછી અથવા કેટલાયે જન્મો પછી પણ તેનું ફળ ભોગવે છે.

જો શરીરથી ભિન્ન કોઈ શાશ્વત અને નિત્યકર્તાને ના માનવામાં આવે અને આ પરિવર્તનશીલ શરીરને જ કર્તા, ભોક્તા માનવામાં આવે તો આ શરીરનો અંત થયા પછી એના કર્મોનું ફળ કોણ ભોગવશે જેનું ફળ અત્યારે તો મળ્યું જ નથી. સિત્તેર વર્ષ પહેલાં મનુષ્યનું જે શરીર હતું જેના દ્વારા એણે પોતાના દાંતથી કોઈને બચકું ભર્યું હતું તો હવે જ્યારે એના તે દાંત જ રહ્યા નથી

**(અનુસંધાન પેજ નં. 13 પર)**

# બ્રહ્માબાપ સમાન, કર્માતીત ફરિસ્તા, દાદી પ્રકાશમણિજી

## બ્ર.કુ. પ્રો. ચંદ્રવદનભાઈ, નડિયાદ



૧૮મી જાન્યુઆરી, ૧૯૬૯, પિતાશ્રી બ્રહ્મા અવ્યક્ત થતા સૌ બ્રહ્માવત્સો એક અણધારી પરિસ્થિતિમાં વિમાસણમાં પડી ગયા કે હવે, પરમાત્મા શિવનું માધ્યમ જતાં, કોણ સંભાળશે આ જ્ઞાન યજ્ઞની ધુરાને ? - હવે મધુબનમાં આવીને કોને મળવાનું? બ્રહ્માબાબા જેવી રૂહાની પ્રેમભરી પાલના હવે કોણ આપશે ?

સર્વોચ્ચ સત્તા-શિવ પરમાત્મા તરફથી સંદેશ આવ્યો (દાદી ગુલઝાર દ્વારા) બ્રહ્માબાબા ભલે અવ્યક્ત થયા પરંતુ જ્ઞાન યજ્ઞ તો નિરાકાર શિવપિતાનો છે ને ? બ્રહ્માવત્સોને જ્ઞાન મુરલી દ્વારા પાલના ચાલુ રહેશે. દાદી પ્રકાશમણિજી બ્રહ્માબાબાની જેમ જ સૌ યજ્ઞવત્સોને રૂહાની પાલના આપશે. વિદાયની અંતિમ ક્ષણોમાં બ્રહ્માબાબાએ દાદી પ્રકાશમણિજીના હાથમાં હાથ મૂકી સર્વશક્તિઓનું વીલ કરી દીધું. ત્યારથી ૨૫ ઓગસ્ટ ૨૦૦૭ સુધી ૩૯ વર્ષની લાંબી સફર પર્યંત દાદી પ્રકાશમણિ આ આધ્યાત્મિક વિશ્વ વિદ્યાલયના મુખ્ય પ્રશાસિકા રહ્યાં.

### એક અનોખું અજોડ ચમત્કારિક વ્યક્તિત્વ

દાદીજીનું મુખારવિંદ સદાય પ્રસન્ન. તેઓ મીઠું મીઠું, મધુર મુસ્કરાતા ત્યારે નિર્દોષ બાલિકા જેવાં લાગતાં હતાં. તેમની સ્નેહભરી આત્મીય દૃષ્ટિથી કોઈપણ વ્યક્તિના દિલમાં વાત્સલ્યમૂર્તિમાની ભાસના પેદા થતી. દાદીની નિર્મલ, મધુર વાણી સાંભળીને સૌ કોઈ નિશ્ચિંત, આશ્વસ્ત અને ગદ્‌ગદિત થઈ જતાં. સંસ્થાની મુલાકાતે પધારનાર નામી-ગ્રામી મહાનુભાવો દાદીના જાદુઈ વ્યક્તિત્વથી, આત્મીય ભાવ અને નમ્ર વ્યવહારથી દાદી સાથે સ્વજન જેવાં બની જતાં તેમજ આત્મીય પવિત્ર પ્યાર અને દિવ્યતાના પ્રભાવથી દાદીજી દાદીજી કહીને ગદ્‌ગદ્ થઈ જતાં. મહામંડલેશ્વરો, રાજકીય મહાન હસ્તિઓ (અબ્દુલ કલામ, પ્રતિભા પાટીલ, બાજપાઈ, રાજીવ ગાંધી કે નરેન્દ્ર મોદી જેવા અનેક) વિદેશી મહેમાનો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો સામાન્ય ગ્રામીણજનો - સૌ કોઈ દાદીના પ્રભાવમંડળથી આકર્ષાઈ પોતાને ધન્ય સમજતાં. Dadiji was a marvel on the earth (દાદીજી મધુબનની ધરતી પર એક ચમત્કાર હતાં) She was unequal. (તેઓ સાધારણ શરીરમાં અસાધારણ - અલૌકિક દિવ્ય વિભૂતિ હતાં.)

### યજ્ઞવત્સોનાં આધારમૂર્ત, ઉદ્ધારમૂર્ત - પ્યારા દાદી મા

મધુબન પાંડવભવનમાં રહી તપસ્યા કરનાર તપસ્વીઓ, જ્ઞાનસરોવરમાં રહી સેવારત સાધકો, શાંતિવનમાં રહી સમર્પિત જીવનમાં રચ્યાં-પચ્યા રહેનારા સેવાધારીઓ, કે ગ્લોબલ હોસ્પિટલમાં રહીને દર્દીઓની સેવામાં રહી સ્વ ઉન્નતિમાં અભિરત ડોક્ટરો, નર્સો અને સેવાધારી કર્મચારીઓ તેમજ પીસપાર્કમાં રહીને ધરતીમાંથી ખુશ્બુદાર ગુલોને ખીલવનારાં કર્મયોગીઓ - સૌ કોઈ દાદીજીની છત્રછાયા નીચે સંગમયુગી સમયની અમૂલ્ય ઘડીઓ નિર્વિઘ્નતાથી અતીન્દ્રિય સુખમાં વીતાવતાં હતાં. દાદી આ સર્વ યજ્ઞવત્સોનાં આધાર સ્તંભ હતાં, દીવાદાંડી સ્વરૂપ પ્રેરણામૂર્તિ હતાં. દેશ-વિદેશના બ્રહ્માકુમાર ભાઈ

બહેનોનો મહેરામણ શાંતિવનમાં એકત્ર થતો ત્યારે હજારો બ્રહ્માવત્સોને પોતાની અનુભવયુક્ત નિર્મલ વાણી દ્વારા નિમિત્ત ભાવના અને રૂહાની દૃષ્ટિ દ્વારા નિહાલ કરી દેતાં. દિવસ-રાત કારોબાર, મિલન-મુલાકાત અને મિટીંગોની ભરમાર વચ્ચે પણ દાદી અથક અને તાજગીભર્યાં લાગતાં. દાદીને કોઈએ કદી મૂડલેસ યા મુરઝાયેલી સૂરતમાં જોયાં નથી. દાદી એટલે સૌનાં આધાર-ઉદ્ધારમૂર્ત, પ્રેરણાનું ખળખળ વહેતું ઝરણું. તેઓ ઉદારતા, રહેમ, ધૈર્ય અને ક્ષમાની મૂર્તિ હતાં. કોઈ સમર્પિત કે સેવાધારી ભાઈ-બહેનોથી ગમે તેવું નુકસાન થયું હોય, ભૂલ કે ગુનો હોય દાદી પાસે માફી માંગવા આવે તો દાદી તરત તેને કહેતાં. જાઓ બાબા કે કમરે મેં, ઉનસે માફી માંગ લો. દાદી મંગલમૂર્તિ હતાં. સૌનું ભલું ચાહે, સૌને પ્રોત્સાહન આપી આગળ કરે, સૌની મહિમા કરે. દાદી સેવાર્થ ભારત યા વિદેશના સેવાસ્થાનોએ જાય ત્યારે મધુબન દાદી વિના સૂનું થઈ જાય. સૌ કોઈ સહજ ભાવે દાદી પાસે પહોંચી દિલ ખાલી કરી શકે. માર્ગદર્શન માંગી શકે. પોતાનાં દાદી સમજી આંસુ સારી શકે. દાદી સૌને માટે સહજ પ્રાપ્ય. કોઈ મોટાઈ નહીં, દંભ નહિ, ગુસ્સો નહિ, રોબ નહિ - દાદી મમતાની મૂર્તિ હતાં. પાલના કોને કહેવાય એ વિશે તો દાદીજીનાં ચરણોમાં બેસીને સમજી કે શીખી શકાય.

## સર્વ પરિસ્થિતિ વચ્ચે અચલ અડોલ, એકરસ

દાદીજીનું સન્માન કરો, કે કોઈ મૂરખ અપમાન કરી બેસે, તો યે બંને પરિસ્થિતિમાં દાદી સમાન, અચલ-અડોલ. ગમે તેવી પરીક્ષા યા પરિસ્થિતિ કે વિઘ્ન વચ્ચે ય દાદીનું નિશ્ચયબળ અતૂટ રહેતું. અંતિમ સમયની લાંબી માંદગીથી દાદીનો રથ ખખડી ગયો, અનેક બીમારીઓએ ઘેરો ઘાલ્યો, ત્યારે ય દાદીના ચહેરા પર દુ:ખની છાયા કોઈએ જોઈ નથી. સૌ કોઈ ખબર પૂછે, ઓ. કે. કહેતાં, મૈં ઠીક હૂઁ. કોઈ કમ્પલેન નહિ. દુ:ખ-દર્દની અસહ્ય પીડા વચ્ચે ય નાની સરખી ચીસ પણ દાદીના મુખથી કોઈએ સાંભળી નથી. ૬૩ જન્મોના સર્વ પ્રકારના હિસાબો ખુશી-ખુશી ચૂકવતાં ચૂકવતાં દાદીએ કર્માતીત-ફરિશ્તા સ્થિતિમાં રહી અચાનક અલવિદા લીધી. અંગ સંગ સેવાસાથીઓ નજર સમક્ષ ઊભાં છે, છતાં દાદીની બુદ્ધિ કોઈનામાંય - વ્યક્તિ કે વસ્તુમાં અટકી નહિ, બ્રહ્મા બાપની જેમ નિર્મોહી, અનાસક્ત સ્થિતિ સહિત વિદાય થઈ ગયાં. બેહદના વૈરાગ્યનું કેવું ઉત્કૃષ્ટ ઉદાહરણ !

## સરલ, સૌમ્ય ને મધુર વાણી વ્યવહાર

મુરલી ક્લાસ પહેલાં દાદીજીના આગમન પૂર્વે સૌની આંખો એમના દર્શનની પ્યાસી રહેતી. કેટલાંક તો તેમની દૃષ્ટિના ચાહક બની દ્વાર પાસે ઊભાં રહેતાં. દાદી કોટેજમાંથી ડાયમંડ હોલ સુધીમાં કેટલીય નજરોનું અભિવાદન દાદી ઝીલતાં. મીઠી દૃષ્ટિ આપીને, માથું હલાવીને, સ્મિત વેરીને યા મધુર-મૃદુ શબ્દોથી ખબર-અંતર પૂછીને. દાદીના રૂહાની પ્રેમપ્રસાદથી ભાગ્યેજ કોઈ વંચિત રહી જતું. સ્ટેજ પર ચઢીને હાથમાંનું ગુલાબ કે ગુલછડી હલાવીને ચારે તરફ સભામાં મીઠી દૃષ્ટિની વર્ષા સાથે ચુંબકીય દિવ્ય મુસ્કાન વેરીને દાદી ચંદ મિનિટોમાં જ સભામાં ઉપસ્થિત યજ્ઞવત્સોનાં હૃદયમાં ઉત્સાહ અને ખુશી ભરી દેતાં. આવું દિવ્ય ચુંબકીય મોહક, ચરિત્ર-સર્જનહાર શિવબાબાની સુંદર રચનાને હરતી-ફરતી જોવાનું ભાગ્ય કોઈ કમ નથી. દાદી મુરલી ક્લાસ દરમિયાન રમણિક બની જતાં. જ્ઞાનના અનેક ગુહ્ય રત્નોથી કુશળ કલાકારની જેમ યજ્ઞવત્સોનો શ્રૃંગાર કરતાં તીવ્ર તપસ્યા (ભઠ્ઠી)ની સીઝન વેળાએ સૌ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો હોંશ પૂર્વક મધુબન પહોંચી જતાં. દાદીનાં જીગરી રૂહાની શબ્દો સ્વયંના જીવનની પ્રેક્ટીકલ

વાતો અને પુરુષાર્થની સરળ વિધિઓ દ્વારા સૌમાં ઉત્સાહ અને દૃઢ સંકલ્પો પેદા કરતાં. તેમના મુખમાંથી નીકળતાં મોતીઓને ચાત્રકની જેમ સૌ ઝીલવા તત્પર રહેતાં. દાદીજી ભલે વિદાય થઈ ગયાં, પરંતુ હજારો-લાખોના હૃદયમાં આજેય સ્મૃતિ સ્વરૂપે જીવે છે. મધુબન અને શાંતિવન પરિસરની હવામાં તથા એક-એક ડિપાર્ટમેન્ટમાં કાર્યરત સમર્પિત યજ્ઞવત્સોની નજરોમાં દાદીની સૂક્ષ્મ હાજરી બાપદાદા સહિત અનુભવાય છે. દાદી, બ્રહ્માબાબા અને મીઠી મમ્મા સમાન ફરિશ્તા સ્થિતિની સંપૂર્ણ ભાસના આપતું એક ઉન્નત અને વિરલ વ્યક્તિત્વ હતાં.

## બ્રહ્માકુમારીઝ સંસ્થાને વિશ્વ વ્યાપી બનાવી

૧૯૬૯ સુધી બ્રહ્માબાબા અને માતેશ્વરી મમ્માની છત્રછાયામાં રહીને એક સાધારણ સમર્પિત બ્રહ્માકુમારી તરીકે સ્થાનિક સેવાકેન્દ્રમાં રહીને સેવા આપનાર એક વ્યક્તિત્વ સમગ્ર સંસ્થાનો બાગડોર પલભરમાં સંભાળી લઈને, સૌને એક પરિવારની જેમ કુશળતાથી સાથે રાખી વિશ્વના ફલક પર પ્રસિદ્ધિ અપાવી શકશે એવું કોઈએ વિચાર્યું પણ નહીં હોય ? ભારતભરના ગામે-ગામ, ખૂણે-ખૂણે પરમાત્માના દિવ્ય કર્તવ્યનો સંદેશ પહોંચાડવા અને દેશ-વિદેશમાં શિવબાબાને પ્રત્યક્ષ કરવા દાદીજીએ જે જહેમત ઉઠાવી છે, વિશાળ દૂરદર્શિતા ધરાવતા પ્લાન બનાવી હજારો-લાખોની મેદની સમક્ષ પોતાની નહિ, પરમાત્માની પ્રત્યક્ષતા કરી છે. એવી વિરલ પ્રતિભાને સ્વયં ભગવાને બિરદાવી છે. આજે ૧૪૦ જેટલા દેશોમાં, ભાષા-ધર્મ-સંસ્કૃતિના ભેદ મિટાવી ૮૫૦૦ જેટલાં સેવાકેન્દ્રોમાં આવતાં દસ લાખ જેટલાં પ્રભુપ્રિય ભાગ્યવાન સંતાનોના દિલમાં રૂહાની પ્રેમ, સન્માન અને ગૌરવની ભાવના સાથે બિરાજમાન દાદી પ્રકાશમણિ સાચે જ સર્જનહારનું ગજબનું મણિ હતા.

## ૧૪ વર્ષની કન્યા - વિશ્વની દાદીમા

૧૯૩૭માં અખંડ ભારતના સિંધ પ્રાંતના હૈદરાબાદ નગરમાં આ સંસ્થાની શરૂઆત ઓમ મંડળીના નામે થઈ ત્યારે દાદીજી સ્કૂલમાં અભ્યાસ કરતાં હતાં. ૧૪ વર્ષની કન્યા હતાં. અમીર બાપની લાડકી બેટી હતાં. તેમના બંગલાના બગીચામાં એક સાંજે આ કન્યાને (જેનું નામ રામા હતું) દૂરથી બાલ કૃષ્ણના સાક્ષાત્કાર થાય છે. મીચનું નાનકડો કનૈયો જોઈ કન્યા ખુશ થઈ ગઈ. તેને ઈશારાથી બોલાવે છે. કનૈયો ઘૂંટણભેર ભાંખડિયા ભરતો આવે છે. ત્યાં તો એ જગ્યાએ એક સફેદ વસ્ત્રધારી તેજસ્વી વૃદ્ધ દેખાય છે. પછી તરત તે વૃદ્ધની આકૃતિ કનૈયામાં ફેરવાઈ જાય છે. કન્યા (રામા)ને નવાઈ લાગી. કશું સમજાયું નહીં. આ પ્રસંગ યાદ કરતાં દાદી કહે છે - મમ્મા કા નામ રાધે થા. વો મેરી સ્કૂલ કી સહેલી થી. હમ દોંનો એક બેન્ચ પર બૈઠતે થે. વો બડી સુંદર થી. ડાન્સ કરને મેં ઔર ગાને મેં નંબર વન થી. એકવાર હમ દોનોં દાદા લેખરાજ કો મિલને ગયે. રાધે કી માતા ઓમ મંડલીમેં જાતી થી. ઉસકે સાથ રાધે ભી જાતી થી. દાદા લેખરાજ કો દેખતે હી મુઝે બગીચેવાલા કનૈયા ઔર ઉસકે પીછે ખડા હુઆ વો બૂઢા આદમી યાદ આયા. ઉસી બૂઢે કો મૈં અપને સામને દેખ રહી હૂઁ. બાદમે મૈં ભી રાધે કે સાથ ઓમ મંડલી મેં જાને લગી. મેરી સખી રાધે ઓમ કી ધૂનિ કરાતી થી તો કઈ માતાએ ધ્યાનમેં ચલી જાતી થી. દાદા લેખરાજ મેં શ્રી કૃષ્ણ કા સાક્ષાત્કાર હોને લગતા થા. ફિર તો સભી કો, મુઝે ભી યહ નિશ્ચય હો ગયા કિ આનેવાલી નઈ સતયુગી દુનિયા મેં યહી બ્રહ્માબાબા શ્રી કૃષ્ણ બનને વાલે હૈં. તબ સે લેકર આજ તક મૈં યજ્ઞ મેં રહી બાબા કી પાલના લી ઔર બાબાને મુઝે અપના બનાયા.

દાદીની કોઈ મહિમા કે પ્રશંસા કરે તો દાદી

ઝટ બોલી ઊઠતાં - યહ બાબા કા યજ્ઞ હૈ, કરન કરાવનહાર બાબા હૈ, બાબા હી હમારે સાથ હૈ, વહી કરા રહા હૈ.

## દાદીજીના મુખથી ઉચ્ચારિત અમૂલ્ય જ્ઞાનરત્નો

સદા એક દો કો સમ્માન દો ઔર શ્રેષ્ઠ સ્વમાનમેં રહો. વિશ્વકી આત્માઓં કો મુક્તિ, જીવનમુક્તિ કા વર્સા દિલાતે રહના. સભી કો સહયોગ દો, શક્તિ દો, રહમ કરો ઔર આત્મિક પ્યાર દો. સદા દુઆએં લો ઔર દુઆએં દેતે રહો.

**દાદીજી તીન શબ્દ પુરુષાર્થ કે સદા કહતી નિમિત્ત, નિર્માણ ઔર નિર્મલ વાણી !**

ઈતને બડે કાર્ય વ્યવહાર કી અનેક બાતેં હર મિનિટ આતી હૈ, ફિકર તો રહના ચાહિયે ના? પરંતુ બાબા કા મુઝે સચમુચ વરદાન હૈ કિ હમેં ન કોઈ ફિકર હોતા, ન કોઈ ચિંતા હોતી, ન કોઈ, ચિંતન ચલતા. ઈસકા કારણ હૈ કિ હમ નિમિત્ત હૈ, ફિકરાત કરનેવાલા કરે. મૈં ક્યોં કરું.

હમારા એક હી મંત્ર હૈ જી હજૂર, હમ હાજિર હૈં. વહ હજૂર હૈં. જો હુકમ કરે. અગર સૂકી રોટી ખિલાયેગા તો ભી ખાએંગે. ૩૬ પ્રકાર કા ભોજન ખાઓ, તો ભી ખાએંગે. જો ખિલાવે, જહાં સુલાવે, સબ મેં સંતુષ્ટમણિ રહો - ખુશ રહો.

મૈને સોરી કિયા તો બાત ખતમ - ઈસ મેં મેરી સાડી તો મૈલી નહીં હો ગઈ. સોરી કરને સે ઉસકા દિમાગ તો ઠંડા હો ગયા ના.

## દાદીજી કે પ્રતિ શિવબાબા કે મહાવાક્ય

આપ સબકી પ્યારી દાદી અપની ઈચ્છા કે કારણ બહુત પ્યાર સે, નિ:સંકલ્પ સમાધિ મેં, બાપ સમાન તીવ્ર બેહદ કી સેવા કા અનુભવ કરને કે લિયે સાથી, સાક્ષી ઔર સમાન સ્થિતિ કા અનુભવ કરને કે લિયે બાપ કે સાથ વતન મેં પહુંચ ગઈ.

નિ:સ્વાર્થ પ્યાર, નિર્વિકલ્પ સાધના, પરિસ્થિતિ ઔર સ્તુતિ દોનોં સે ન્યારી ઔર સર્વકી પ્યારી જૈસી શાંતિ કી દેવી રહી. સમભાવના, શ્રેષ્ઠ ભાવના કા પ્રત્યક્ષ રૂપ દિખાયા.

ઐસે સાંસ કિસી કા ભી નહીં ગયા હૈ જો સારે આસપાસ ખડે હૈ. ઔર દેખ રહે હૈ. દાદી જા રહે., જા રહે હૈ.. યહ હિસ્ટ્રી મે પહલા એક્ઝામ્પલ હૈ. બાપદાદા તો દિલમેં રહા લેકિન સાકાર મેં સામને સબ થે કિસી મેં બુદ્ધિ નહીં થી. ઐસી છુટ્ટી કિસને ભી નહીં લી હૈ.

જો સમજતે હૈ - કુછ ભી હો જાયેં, કિતના ભી સહન કરના પડેગા, પરિવર્તન હોના હી હૈ, વહ હાથ ઉઠાઓ. બચ્ચી પ્રકાશમણિ હૈ, જિસકા પ્રકાશ ચારો તરફ ફૈલા ભી હૈ, ઔર ભી ફૈલતા જાયેગા. યહ એક ઐસી મણિ હૈ જિસકા પ્રકાશ કભી લુપ્ત નહીં હો સકતા. વહ પ્રકાશ સર્વ આત્માઓંકો શાંતિ, શક્તિ, સ્નેહ કી અનુભૂતિ કરાતા રહેગા. ડ્રામા કી હર સીન કો સાક્ષી હોકર દેખો. **॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 09નું અનુસંધાન)... અમૃતધારા**

અને શરીર પણ જર્જર થઈ ગયું છે. તથા મોટે ભાગે બદલાઈ ગયું છે. ત્યારે એનું ફળ કોણ ભોગવશે? દંડસંહિતાનો એ નિયમ છે કે જેણે અપરાધ કર્યો છે તેને સજા મળવી જોઈએ. હવે જ્યારે અપરાધ કરનારા શરીરની જગાએ લગભગ બીજું જ શરીર આવી ગયું. તો એ બીજા શરીરને દંડ મળવો એ ન્યાયની બાબતમાં વિરૂદ્ધ ગણાશે. તેથી સૌથી પહેલાં આ સત્ય સિદ્ધાંતના જ્ઞાનની જરૂર છે કે કર્તા અને ભોક્તા એક ત્રૈકાલિક સત્તા આત્મા જ છે. તે મારું સ્વત્વ છે. હું જ મારા કર્મના બંધનમાં બંધાઈને પોતાના જ દંડનો પાયો નાખું છું. હું આ બંધનમાંથી મુક્ત બનું તેવાં કર્મો પણ કરી શકું છું.

**॥ ઓમશાંતિ ॥**

### પ્રસન્નતાના પથ પર

# કર્મની શક્તિને જાણો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણે વિચારીએ છીએ કે, જે કંઈ પણ થાય છે તે ભગવાનની મરજીથી થાય છે. સાચું પણ છે. કોણ કરશે, એ તો કરવાના જ છે. એટલે આપણે દરરોજ તેમને કહીએ છીએ, હે ભગવાન મારી આ સમસ્યાનું સમાધાન શોધી આપો. શું ભગવાન આપણી સમસ્યાનું સમાધાન શોધી શકે છે? માની લો કે આપણા જીવનની સમસ્યા છે કે, મારે ટેબલ ઊંચકવાનું છે. તો શું હું પરમાત્માને કહીશ કે, ટેબલ ઊંચકી આપો. ટેબલ ઊંચું થશે? ના. આપણે તેમને દરરોજ કહીએ છીએ. તબિયત સારી આપો. બાળકોને પાસ કરાવી દો, દીકરીના લગન કરાવી દો, મારી ટ્રાન્સફર અટકાવી દો. આપણે જાણીએ છીએ કે, ભગવાન પાસેથી આપણને શું મળી શકે છે અને શું નહીં. પરમાત્મા આપણું કર્મ નહીં કરે. તે આપણને સાચું કર્મ કરવાની શક્તિ આપશે. જ્ઞાન આપશે. આથી **આપણે જ્યારે પરમાત્માને યાદ કરીએ કે પૂજા કરીએ ત્યારે એમ ના કહીએ કે, મારું આ કામ કરી દો, પરંતુ કહીએ કે આ કામ કરવાની મને શક્તિ આપો.**

જો આપણે ભગવાનમાં વિશ્વાસ ધરાવીએ છીએ, માતા-પિતામાં વિશ્વાસ ધરાવીએ છીએ તો હેરાન થવાના નથી. જેવું કર્મ હોય છે, એવું જ ફળ પ્રાપ્ત થાય છે. જો તે સ્પષ્ટ થઈ ગયું તો ક્યારેય પણ તમારી સામે આંગળી ઊંચી કરાશે નહીં અને કોઈ બીજાની તરફ પણ નહીં. જો હું સારો વ્યવહાર કરી રહ્યો છું તો પછી મારી સાથે કોઈ ખોટું કરી રહ્યું છે તેનું કારણ કોણ છે? મારી તબિયત બગડી રહી છે તો તેનું કારણ કોણ છે? મારું મન દુઃખી છે તો તેનું કારણ કોણ છે? તેનાથી પણ મહત્ત્વનું છે કે, આ બધાનું નિવારણ કોણ કરશે. આપણે જીવનમાં આ લાઈન પકડીને રાખવાની છે, જેવું કર્મ એવું ફળ.

**આપણે જે કંઈ વિચારીએ છીએ, બોલીએ છીએ, કરીએ છીએ તે આપણું કર્મ છે. આપણી સાથે જે થાય છે, જીવનમાં પરિસ્થિતિઓ આવે છે, લોકો આપણી સાથે જે વ્યવહાર કરે છે, તે આપણું ભાગ્ય છે. હું તેમની સાથે કેવી રીતે વાત કરું તે આપણું કર્મ છે. તે આપણી સાથે કેવી રીતે વાત કરે, તે આપણું ભાગ્ય છે. બંને વચ્ચે શો સંબંધ છે? કર્મ જેવું હોય તેવું જ ભાગ્ય બને છે.** આપણે જે કર્મ કરીએ છીએ તે દેખાતું નથી, પરંતુ ભાગ્ય દેખાય છે. આપણી સાથે જે થઈ રહ્યું છે તે દેખાઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે મારી સામે ઘડિયાળ છે. મેં આ ઘડિયાળ ઊંચકીને તમારા તરફ ફેંકી. તે મારું કર્મ છે. હવે મેં જે આપ્યું તે પાછું પણ ત્યાં જ આવવાનું છે. જોકે, મને માત્ર એટલું જ દેખાય છે કે ત્યાંથી ઘડિયાળ આવી રહી છે. આપણે ફૂલ ઈચ્છીએ છીએ, પરંતુ ઘડિયાળ આવી રહી છે.

આ જ રીતે જો કોઈ બધાની સામે મને કંઈક ખોટું કહી દે તો આપણે કહીએ છીએ કે, તેણે મારું અપમાન કર્યું છે. તેને સમજ્યા વગર જ આપણે નારાજ થઈ જઈએ છીએ. કે પછી માની લો કે મારા હાથમાં એક કાળા રંગનો બોલ છે. મેં સામેની

(અનુસંધાન પેજ નં. 17 પર)

# સાધના પ્રાપ્તિ

## બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, અલકાપુરી, વડોદરા

સાધ્ય પરત્વેનો પુરુષાર્થ એટલે સાધના. વિધિપૂર્વક ખંત અને એકાગ્રતાથી કરેલ સાધના સ્વાભાવિક જ સાધ્ય તરફ ગતિ કરે છે અને ઈચ્છીત ફળની પ્રાપ્તિ થાય છે. ખરેખર તો જીવન સંસારના દરેક પગથિયે સાધના જ છે. મોટે ભાગે સાંસારિક માનવી ધ્યેયપૂર્તિ વગર કર્મ કરવાનું પસંદ કરતો નથી. ધ્યેયની પસંદગી પ્રાપ્તિ અને અપ્રાપ્તિ પર જ સુખ અને દુઃખ અવલંબે છે.

માનવ માત્રનું અંતિમ ધ્યેય સદાનું સુખ અને સાચી ચિર શાંતિ મેળવવાનું છે. આ ધ્યેયને અનુલક્ષીને જ સંસારચક્ર, સમાજ પદ્ધતિ અને પ્રણાલિકાઓનું નિર્માણ થયું છે. જેમ સ્નાતક થવાની ઈચ્છા રાખનાર વ્યક્તિને શરૂઆત તો પહેલાં ધોરણથી જ કરવી પડે છે. પહેલા ધોરણમાં ભણતી વખતે તેનું લક્ષ્ય આગલા ધોરણમાં જ જવાનું હોય છે. તેમ સંસાર સમાજ દરેક પગથિયે પણ અંતિમ ધ્યેયને પામવાની ચેષ્ટા જ છે. વ્યક્તિગત જીવનધ્યેયને લક્ષ્યમાં રાખીને જ કુટુંબપ્રથા, લગ્નપ્રથા અને સમાજની રચના થઈ.

વિજ્ઞાન અને વ્યાપારી ક્ષેત્રે અનેકવિધ આવિષ્કારોને કારણે સુખ શાંતિ અને આનંદ માટેના સાધનો અને શક્યતાઓ વધી પણ તેમ કરતા કરતા સાધનાનું મહત્ત્વ અને તેની વિધિ ભૂલાઈ ગઈ છે. પરિણામે સુખના સાધનોની ભરમારમાં પણ માનવ હજી સુખ શોધ્યા જ કરે છે. સાધ્ય અર્થાત્ ધ્યેય, ધ્યેયની સ્પષ્ટતા, સાધનાની શુદ્ધતા અને યથાર્થ સાધના આશ્ચર્યજનક પ્રાપ્તિ કરાવે છે. આવો એને સમજવાનો પ્રયત્ન કરીએ.

**સાધ્ય -** આજકાલ સામાન્ય રીતે વ્યક્તિ ભૌતિક સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. પણ અભૌતિક આત્માને ભૌતિક સુખ અને સગવડો સંતોષ આપતા નથી. આત્મિક સંતોષ માટે જરૂરી છે - **અતીઈન્દ્રિય સુખ, માનસિક શાંતિ, પરમ આનંદ, ઈશ્વરીય પ્રેમ અને અખૂટ કાર્યશક્તિ** આ ઉત્તમ ધ્યેયને વળગી રહેવું અને તેને માટે સતત પ્રયત્નશીલ રહેવું તે સાધનાનું પ્રથમ પગથિયું છે.

**સાધન -** મૂળ સાધન છે શરીર, મન અને બુદ્ધિ અને તેની સાથે સમય અને સ્થાન. સાધના કરતી વખતે પૂર્વ તૈયારી રૂપે જ સાધનોને શુદ્ધ કરવાના છે. શરીરના ભરણપોષણ માટે મેળવેલ ધન સચ્ચાઈ અને પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલ હોવું જોઈએ. મનને સ્વાર્થી, વિકારી અને આસુરી વૃત્તિઓથી મુક્ત, સાત્ત્વિક બનાવવાનું છે અને બુદ્ધિને સ્વ અર્થાત્ આત્માનું જ્ઞાન અને પરમાત્માના જ્ઞાન દ્વારા દિવ્ય બનાવવાની છે. પણ તેને માટે પણ આ પ્રકારે સાધનાની જરૂર છે. શાંત અને એકાંત સ્થળમાં બેસીને સ્વને આ શરીરમાં રહેનાર ચૈતન્ય સત્તા આત્મા નિશ્ચય કરીએ. સ્વનું નિરીક્ષણ કરીએ. મનને ધીરજથી - અવગુણોથી થતા નુકસાન અને સદ્‌ગુણોની ધારણાથી થતા ફાયદા સમજાવીએ. શ્રેષ્ઠ કર્મ જ સુખના અધિકારી બનાવે છે. તે પણ સમજાવીએ. સમજની સાથે શક્તિ મેળવવા સ્વયંને બુદ્ધિ દ્વારા નિરાકાર પરમાત્મા શિવના સાનિધ્યમાં મહેસૂસ કરીએ. આવો રોજનો અભ્યાસ સાધનાને તીવ્ર બનાવે છે અને પ્રાપ્તિ પડછાયાની જેમ જ એને અનુસરે છે. તો ચાલો, આ પ્રકારની સહજ સાધના દ્વારા સંસારની સર્વોત્તમ પ્રાપ્તિના અધિકારી બનીએ.

॥ **ઓમશાંતિ** ॥

# કોણ ભૂલી શકે આવાં પ્યારાં પ્રકાશમણિ દાદીજીને

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ



વિશ્વ જનેતા, સર્વ આત્માઓને જ્ઞાનયોગની સુંદર શિક્ષા આપી સર્વના ભાગ્ય ઉદય કરનારાં અનેકાનેક દુઃખી માનવ આત્માઓનાં દુઃખ પીને સર્વોત્તમગુણોથી પાલના કરી સુખોનો દરિયો પ્રાપ્ત કરાવનારાં. સદા હર્ષિતમુખ, દિવ્યપ્રકાશિત આંખોમાં ઈશ્વરીય પ્રેમની પ્રતીતિ કરાવવાવાળાં, વિશાળ દિલ, ઉદારચિત્ત, લાખો લોકોનાં આધારમૂર્ત, ઉદ્ધારમૂર્ત એક અદ્ભુત અદ્વિતીય આધ્યાત્મિક રંગમાં રંગી જીવનને માનવથી દેવ સમાન બનાવવા માટે રાત-દિવસ પ્રયત્નમાં શ્વાસોશ્વાસ પરોવી માનવ સેવાધારી મા-બાપ સમાન સ્નેહનો વરસાદ વરસાવવાવાળાં આદર્શ ઉદાહરણમૂર્ત દાદી પ્રકાશમણિજીને કોણ ભૂલી શકે?

મમતાની મૂરત, ક્ષમતાની સૂરત દ્વારા કરોડો લોકોનાં જીવનને તારવા વાળા, પાંચ વિકારોરૂપી ઝેરીલા સાંપો સમાન વાસનાઓથી મુક્ત કરાવી ઈશ્વરીય જ્ઞાનામૃતનું અમૃતપાન કરાવી સદા નિશ્ચિત બનાવી એક સત્ય પ્રભુનાં માર્ગે દોરી જનાર તેમજ પોતાનાં જીવન દ્વારા પ્રભુ પ્રાપ્તિની અનુભૂતિ કરાવનાર એવાં ઉચ્ચ મહાન તપસ્વી, ત્યાગી, અથક સેવાધારી મીઠા- પ્યારાં આદરણીય દાદીજીને કોણ ભૂલી શકે?

જેમના હૃદયમાં શુભભાવનાઓ, કામનાઓ તથા અપકારીઓ ઉપર પણ ઉપકાર કરવાનું સ્વાભાવિક ચિંતન ચાલતું જ રહે. જેની એક એક નાડીમાં ઈશ્વરીય આનંદનું ઝરણું નાડીમાં ઈશ્વરીય આનંદનું ઝરણું વહેતું હોય. જેના હૃદયનાં પ્રત્યેક ધબકારામાં પ્રભુ પ્રેમનો આભાસ થતો હોય. જેના શબ્દોમાં પ્રભુ યાદ તેમજ અસ્ખલિત જ્ઞાનનું ઝરણું વહી અનેક જીવઆત્માઓને પવિત્ર બનાવતું હોય. આત્મીય શક્તિને જાગૃત કરી સ્વર્ગીય દેવલોકનો સાક્ષાત્ અનુભવ કરાવતું હોય એવી નમ્રતાનાં મૂર્તિ, નિર્માણતાનો અવતાર, સમર્થસ્વરૂપા પરમશ્રદ્ધેય મીઠાં દાદીજીને કોણ ભૂલી શકે?

પરમપિતા પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માબાબા દ્વારા અલૌકિક નામ પ્રકાશમણિજી આપ્યું. ખરેખર નામ જેવા જ ગુણ હતા. બ્રહ્માવત્સો માટે પ્રકાશસ્તંભ સમાન જ હતા. સાકારમાં રહેતા પણ વિદેહી વિભૂતિ જાણે આધ્યાત્મિક અંતરીક્ષયાનનાં ફરિસ્તાસ્વરૂપ સદા ઉમંગ-ઉત્સાહની પાંખો આપી બીજાને પણ કળિયુગી દુઃખનાં દરિયાથી પાર કરાવી સતયુગી સુખની લહેરોમાં લહેરાવી દેતા હતા. ગમે તેવા મુંઝાયેલા આત્માઓ પ્યારા દાદીજી પાસે આવતાં હતા. એમને ઈશ્વરીય આનંદના ખજાનાઓથી એવા વાકેફ કરાવતા હતા કે સામેવાળી વ્યક્તિ અહેસાસ કરતી હતી કે માનવજીવનની સફળતા પ્રભુની યાદમાં જ સમાયેલી છે. આ દેહ દુર્લભ છે. સમય, શ્વાસ, શક્તિ, સંકલ્પને વ્યર્થ ન ગુમાવતા પ્રભુઅર્થે લગાડવા જોઈએ. નાસ્તિક પણ આસ્તિક બની જતા એવી ચમત્કારિક બુદ્ધિબળમાં ઈશ્વરીય શક્તિનો આભાસ સર્વને થતો હતો. એ કેમ ભૂલાય?

એમના જેવું કુશળ પ્રશાસન ભાગ્યે જ કોઈ કરી શકે. દેશ-વિદેશનાં લોકોને આશ્ચર્ય પમાડે એવું વ્યક્તિત્વ સર્વને સત્યતા, નૈતિકતા,

પવિત્રતાના માર્ગે લઈ જઈ પ્રભુશક્તિનો સાક્ષાત્કાર કરાવતું હતું. અનેકાનેક દુર્ગુણોથી છોડાવી સદ્‌ગુણોથી જીવનને સજાવી દેતું હતું. જીવન જીવવાની સાચી કળાઓથી ભરપૂર જેનું તન, મન, પ્રત્યક્ષ દેખાતું હોય ત્યાં અન્ય આસક્તિ શું રહે? આ દુનિયામાં વ્યક્તિ, વસ્તુ, વૈભવ કે સત્તા, સંપત્તિનો નશો અદૃશ્ય થઈ જઈ ઈશ્વરીય સાચી સંપત્તિ ખુશી, આનંદ, પ્રેમ, સ્નેહ, સહયોગ વગેરે વગેરેનો ખજાનો હૃદયને ભરપૂર કરી દે. એવા નિરઅહંકારી પ્રભુસમાન ગુણોનાં ભંડાર પ્યારા પ્યારાં દાદીજીને કોણ ભૂલી શકે? સરળ સ્વભાવ, નિર્મળવાણી, નિષ્કામ સેવાધારી, અખંડ યોગનિષ્ઠ, તત્ત્વચિંતક, માયાજીત, જગતજીત, વિકર્માજીત, કર્માતીત અવસ્થા દ્વારા સર્વોત્તમ વ્યવસ્થાપકના વ્યાપ્ત દૃષ્ટિકોણે વિશ્વના ખૂણે ખૂણે સર્વ માનવ આત્માઓને સન્માન આપી સ્વમાનમાં રહી તા. 25 ઓગસ્ટ, 2007નાં દિવસે સવારે 10.05 કલાકે અવ્યક્ત આરોહણ કર્યું. પરંતુ એમનાં અલૌકિક કર્મ કર્તવ્ય અને અણમોલ કાર્યની છાપ અમારા હૃદય પર અમીટ છે. હજુએ એવો જ આભાસ થાય છે કે આ મહાન આત્મા અમારી વચ્ચે જ છે અને રહેશે. આવાં નિર્માણચિત્ત આત્માનાં હર પગલે પગલે પ્રભુનાં ગુણ પ્રભુની શક્તિ, પ્રભુની કમાલનાં અસંખ્ય ઉદાહરણો પ્રેરણાસ્વરૂપ બની આગળ વધવા માટે દીવાદાંડી સમાન બનીને માર્ગદર્શન કરી રહ્યાં છે. સદાયે વરદાની મૂર્ત, દુવાઓનાં સ્ત્રોત વરસાવતા રહ્યા અને હજુએ દુવાઓનો હસ્ત અમ મસ્તકને પ્રભુ હસ્તક જ પ્રેરી રહ્યો છે. આવા સાક્ષાત દેવી-દેવતા સ્વરૂપ પ્યારાં પ્યારાં વિશ્વજનેતા સમાન આદરણીય દાદીજીને કોણ ભૂલી શકે?

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 14નું અનુસંધાન)...** **પ્રસન્નતાના પથ**

દીવાલે ફેક્યો. જે પાછો આવી રહ્યો છે. એટલે કોઈ આવી રીતે જ મારા તરફ કાળા રંગનો બોલ ફેંકી રહ્યું છે, એટલે કે મારું અપમાન કરી રહ્યું છે. તો એ કાળા રંગનો બોલ સામેથી આવી રહ્યો છે. એ ઘડિયાળ સામેથી આવી રહી છે. તે અપમાન સામેથી આવી રહ્યું છે, એ દગો સામેથી આવી રહ્યો છે તો આપણે શું કરીશું? આપણે તેમને કહીએ છીએ કે, મહેરબાની કરીને આવું ના કરો. આપણા કહેવાથી તે રોકાઈ શકે છે. જોકે, આપણે નારાજ થઈ જઈશું, ઉદાસ, પરેશાન થઈ જઈશું, રડવા લાગીશું. ત્યાંથી કાળો બોલ આવી રહ્યો હતો. આપણે પણ સામે કાળા રંગનો બોલ ફેંકી દીધો. આ રીતે જ આ યુગ કળિયુગ બની ગયો છે.

હવે આપણે સતયુગ બનાવવાનો છે. કાળો બોલ આવી રહ્યો હતો. આપણે કાલે ફેંક્યો તો કળિયુગ બની ગયો. આ ક્ષણે મારી પાસે વિકલ્પ છે કે હું તેમને સમજીને, તેમની નબળાઈ અને તકલીફો જાણીને, તેઓ જેવા છે એવા જ સ્વીકાર કરું. તેનાથી મારું મન શાંત થઈ જશે. મારા મનમાં એ સવાલ નહીં જાગે કે મારી સાથે જ તેઓ વારંવાર આવું શા માટે કરે છે? તો તેઓ આવો વ્યવહાર કરશે ત્યારે શું આપણે તેમની સાથે પ્રેમથી વાત કરીશું તો ફાયદો કોને-કોને થશે? પહેલા તો આપણે પોતાનું મન સ્વચ્છ કરવું પડશે. તબિયત સુધારવી પડશે, એ ઊર્જાનો પ્રભાવ આપણા મન પર નહીં થાય. ચોથું તેની તબિયત પણ સારી રહેશે. આ જ રીતે સતયુગ આવશે.

**॥ ઓમશાંતિ ॥**

# નૂતન વિશ્વનો આધાર - રક્ષાબંધન

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



નૂતન વિશ્વની કલ્પના જ્યારે આપણે કરી રહ્યા છીએ ત્યારે બે બાબત આપણી બુદ્ધિમાં સ્પષ્ટ હોવી જોઈએ.

વર્તમાન જે વિશ્વ છે એ પુરાણી દુનિયા છે - Old World છે અને એક સમય હતો કે જ્યારે આ વિશ્વ નવી દુનિયા - New World હતું.

વર્તમાન વિશ્વ જડજડીભૂત અવસ્થામાં છે. આપણી સભ્યતા અને સંસ્કૃતિ ખખડી ચૂક્યાં છે. ધર્મ, સદાચાર, ન્યાય, નીતિ, શિક્ષણ એના વિકૃતરૂપને પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. અજ્ઞાનતા અને વિકારોથી વશીભૂત માનવો તથા તમોપ્રધાન અવસ્થાને પ્રાપ્ત પ્રકૃતિ પદાર્થો સાથેનો પ્રત્યેક વ્યવહાર દુઃખદાયી છે. દેહ અભિમાનયુક્ત સ્થિતિથી જન્ય સ્વાર્થ ભાવનાએ કટુતા અને કરુણતા સર્જી છે. પરંતુ આપણે દુઃખની ઉત્પત્તિના મૂળ કારણો વિચારવાને બદલે ઈશ્વરને જ દોષિત ઠેરવીએ છીએ કે ભગવાન જ સુખ આપે છે અને ભગવાન જ દુઃખ આપે છે. આવી માયાવી દુઃખ પ્રધાન સૃષ્ટિ ઈશ્વરે શા માટે બનાવી ?

અહીં વિવેકથી વિચારવાની જરૂર છે. દા.ત. આપણા વડવાઓએ, બાપદાદાઓએ એમના જમાનામાં કોઈ સુંદર મકાન બનાવ્યું હોય. સમય જતાં, બે ત્રણ પેઢી પસાર થતાં સમય અને પ્રકૃતિના પ્રભાવમાં આવી મકાન જૂનું, ખખડધજ બની જાય જેને કારણે દીવાલોમાં તિરાડ પડી જાય, છાપરું ચુવા માંડે, ઘરમાં ઉંદર-બિલાડીઓ દર કરી નાંખે, જીવકીટાણું ઉત્પન્ન થઈ જાય ત્યારે છેલ્લી પેઢીના આપણે એમ કહીએ કે આ પૂર્વજોને કંઈ સમજ હતી કે કેમ ? આવું મકાન કેમ બનાવ્યું? તો એ યોગ્ય નથી. બનાવેલું તો સારું જ, સમય જતાં પ્રકૃતિના પ્રભાવથી આવું થઈ ગયું.

આવું જ આ વિશ્વ માટે બન્યું. વળી એક હકીકત એ પણ છે કે જે જેવો હોય એવું એનું સર્જન હોય. રચયિતાના ગુણ, સંસ્કાર, કર્મનો પ્રભાવ એની રચનામાં આવે જ. એ દૃષ્ટિએ સૃષ્ટિનાટકનો રચયિતા (Creator) માર્ગદર્શક (Director) એ પરમપિતા પરમાત્મા છે. જેઓ જ્ઞાન, પ્રેમ, પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ અને શક્તિના સાગર છે. તો તેમણે રચેલ સૃષ્ટિ પણ શ્રેષ્ઠ જ હોય, સુખદાયી જ હોય, જીવન જીવવાને યોગ્ય હોય. બીજી વાત કે જે બેરહેમી હોય એ દુઃખ આપે. ઈશ્વર તો રહેમદિલ, કલ્યાણકારી અને કરુણાના સાગર છે. તો એ દુઃખદર્દ આપનાર સૃષ્ટિનું સર્જન શા માટે કરે ?

માટે પરમાત્મા દ્વારા સ્થાપન થયેલ વિશ્વ એ જ New World કે જ્યાં પ્રકૃતિ, પશુ, પંખી અને માનવ એમ સમગ્ર જગત પોતાની સતોપ્રધાન, શ્રેષ્ઠ સ્થિતિને પ્રાપ્ત હતા, જ્યાં માનવ, તન, મન, ધનની સંપન્નતા અને સ્વસ્થતા પ્રાપ્ત હતો. સમગ્ર વિશ્વ જ અજાયબીપૂર્ણ હતું. સૌંદર્યની પરાકાષ્ઠા અને એમાં પણ પાછું વૈવિધ્ય. સુંદરતાની સાથે પ્રત્યેકના કર્મવ્યવહારની શ્રેષ્ઠતા. દૈવી પવિત્ર કર્મશ્રેષ્ઠ દેવતાઓ હતા. આપસના સંબંધમાં પવિત્ર પ્રેમનું ઝરણું વહેતું હોય. સર્વત્ર આનંદનો અભિષેક વર્તાતો. કુદરતી આત્માભિમાની સ્થિતિને વરેલ દેવતાઓને અર્થાત્ સંપૂર્ણ માનવને દુઃખદર્દ, રોગશોક અછૂતા હતા.

પોતાની આત્મિક સ્થિતિને ગુમાવતાં, દેહ અભિમાનને વશ માનવ વિકારોનો શિકાર બન્યો. પોતાના ઉચ્ચ, શાન, સ્વમાન, સ્થાનની વિસ્મૃતિમાં દૈવીકર્મભ્રષ્ટ માનવોના સ્વાર્થભર્યા વ્યવહારથી આ વિશ્વ પુરાણી દુનિયા Old World બન્યું. ચોગમ દુઃખ, અશાંતિ, અભાવની સ્થિતિ સર્જાઈ આ બધાંની પાછળ માનવનું પવિત્ર કર્મોથી ભ્રષ્ટ થવું એ જ કારણ બન્યું. તેમ છતાં આપણે તો એમ જ કહીએ છીએ કે ભગવાનની કૃપા થશે ત્યારે સૌ સારાં વાનાં થશે. માનવ સ્વભાવનું આરોપણ આપણે ઈશ્વરમાં પણ કરી દઈએ છીએ. ઈશ્વરની તે અકૃપા હોય કે પ્રકોપ હોય જે સદાશિવ તરીકે ગાવામાં આવ્યા છે ? ઈશ્વર તો પોતાની સર્વોચ્ચ શ્રેષ્ઠ સ્થિતિમાં સદા એકરસ જ છે. માટે ઈશ્વરની કૃપા, આશીર્વાદ, દુઆ, શુભઈચ્છા આ વિશ્વ પ્રતિ સદાને માટે છે, છે ને છે જ.

દા.ત. આજે ઘરમાં આપણે આપસમાં કલહ-કલેશ કરીએ, મારા-મારી કરીએ. ગાળા-ગાળી કરીએ. આપણું ઘર નર્ક જેવું બની ગયું. એ કોના કારણે ? ઈશ્વરના શ્રાપને કારણે ? નહીં. આપણા દુષ્કર્મોને કારણે. વળી એ જ ઘરમાં આપણે પ્રેમથી શાંતિથી નિઃસ્વાર્થપણાથી રહીએ. ઘર સ્વર્ગસમું બની ગયું. કોને કારણે ? જરૂર આપણા શ્રેષ્ઠ કર્મોને કારણે. આશીર્વાદ, કૃપા, દુઆ, અમીદૃષ્ટિ આપણા કર્મોની લેવાની છે. અને એ કર્મોની શ્રેષ્ઠતાનો આધાર કર્તાની પવિત્ર, અનાસક્ત સ્થિતિ છે.

રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આત્મિક સ્નેહ અને પવિત્રતાના આધારભૂત મૂલ્યો પ્રત્યે આપણને સજાગ કરે છે. ભાઈ-બહેનના સંબંધ પૂરતું મર્યાદિત બંધન. જીવનના સંપૂર્ણ પવિત્રતા અને અવિકારી પ્રેમના વ્યવહારનું એક પ્રતીક માત્ર છે. માનવ સ્વયં પોતાના મનને પવિત્રતાને માટે તૈયાર કરે, તો અન્ય આત્માઓ એની સાથેના વ્યવહારમાં નિર્ભય રહી શકશે, એને એના ચરિત્ર માટે કોઈ ભય એના પ્રત્યેથી નહીં રહે. આ રીતે સમગ્ર વિશ્વ પવિત્રતા અને આત્મીયતાના સંબંધે જોડાઈ જાય. તો માનવ, માનવ વચ્ચે ઉભી થયેલી મતભેદની ખાઈને આપણે પૂરી કરી શકીશું. માનવ સામે બંડ પોકારીને ઉભેલાં આ પશુ-પંખીઓ અને પ્રકૃતિ-તત્ત્વોને પુનઃ વશીભૂત કરવા પ્રેમના જાદુ સિવાય અન્ય કોઈ ઉપાય નથી. વ્યક્તિ નિઃસ્વાર્થપણે ત્યારે જ અન્યને ચાહી શકે જ્યારે એ સંપૂર્ણ નિર્વિકારી હોય, પૂર્ણ આત્મભિમાની સ્થિતિમાં હોય.

આજે સ્વાર્થની દૂષિત વૃત્તિએ જ દેશ-દેશ વચ્ચે વિષમતાના વાડા સર્જ્યા છે, સત્તાની સાઠમારી અને ખુરશી માટેની ચડસાચડસી ઉત્પન્ન કરી છે. ત્યાં પ્રેમનો મંત્ર એક અવાજ લાવી શકે છે. રક્ષાબંધન પવિત્ર સ્નેહયુક્ત સંબંધનું પ્રતીક છે. સાચે જ સમગ્ર વિશ્વ આ સંબંધના સુખદાયી બંધનને સ્વીકારી લે ત્યારે જ નવું વિશ્વ નજીક છે.

પુરાણી દુનિયાને નવી દુનિયામાં બદલવા માટે આધ્યાત્મિક ક્રાંતિ એ જ અંતિમ અને સફળ શસ્ત્ર છે. અને એ ક્રાંતિનું જે ફલક છે એ આ સદ્ગુણો છે. એના ક્રાંતિવીરોના શસ્ત્રો એ સત્ય જ્ઞાન, નિર્વિકારી સ્નેહ અને સંપૂર્ણ પવિત્રતા છે. રક્ષાબંધનનો તહેવાર ક્રાંતિવીરોની દૃઢતા, કૃતિનિશ્ચયી સ્થિતિનું દર્શન કરાવે છે. પ્રભુ-પિતાના આદેશ પ્રમાણે નવવિશ્વના સૃજન માટે પોતાની સમગ્ર મલિનવૃત્તિઓને તિલાંજલિ આપી, સદાચારનો ભેખ ધારણ કરી સતોપ્રધાન સભ્યતા સંસ્કૃતિના પાયાની ઈંટ માટે કરેલા મક્કમ નિર્ધારના પ્રતીકસમ આ તહેવાર છે.

આમ પોતાના સમગ્ર તેજને, ઓજસને રચનાત્મક કાર્યમાં લગાડવાનું છે. બ્રહ્મચર્યની શક્તિ નૂતન વિશ્વને સાકાર કરવામાં કાર્યાન્વિત

કરવાની છે. આપણે જે દિવ્ય, ગુણવાન વર્ગ પેદા કરવા ઈચ્છીએ, તો એને માટે પ્રથમ આ જન્મમાં સર્વશ્રેષ્ઠતાને પ્રાપ્ત કરવી પડશે. એવા પૂર્ણ યોગીઓ સતયુગની દેવતાઈ સ્થિતિમાં આવી દૈવી રચના રચશે, જે વિશ્વનું સુકાન સફળતાપૂર્વક સંભાળશે. પરંતુ એને માટે વર્તમાન જીવનની પૂર્ણ પવિત્રતા એ પ્રથમ વ્રત રહેશે.

**આમ રક્ષાબંધનની યથાર્થ ઊજવણી જ જન્માષ્ટમીને સંભવ બનાવશે. જન્માષ્ટમી પવિત્ર શ્રીકૃષ્ણનો જન્મોત્સવ છે. પવિત્ર દેવતાઓનો જન્મ, જીવન ત્યારે શક્ય છે. જ્યારે સર્વ આત્માઓ પ્રકૃતિસહિત પવિત્ર હોય. માટે શ્રીકૃષ્ણ જેવા સંપૂર્ણ નિર્વિકારી દેવતાનું પુનરાગમન પણ રક્ષાબંધનના વ્રત પર આધારિત છે. માટે પ્રથમ રક્ષાબંધન અને પછી જન્માષ્ટમી. એ દૃષ્ટિએ પણ પવિત્રતા એ નૂતન વિશ્વનો પાયો છે.** કળિયુગી વિશ્વ તો તૂટુ-તૂટુ થઈ જ ગયું છે. આજે ગયું કે કાલે, પણ જન્મ-જીવન મૃત્યુને પ્રાપ્ત મનુષ્ય-આત્માઓને રહેવા નવું વિશ્વ તૈયાર નથી. બાકી મન તો ક્યારનું ય પોકારી રહ્યું છે કે, ''ઈસ પાપકી દુનિયાસે દૂર કહીં લે ચલ, જહાં સુખચૈન પાવે.'' નવું વિશ્વ એને યોગ્ય પવિત્ર મનુષ્યોને ઝંખે છે.

વાચક મિત્રો, આપ સૌમાંથી છે કોઈ મહાવીર જે નૂતન વિશ્વના પાયાની ઈંટ બનવા તૈયાર હોય ? આ આધ્યાત્મિક ક્રાંતિના જુવાળમાં પોતાનાં સર્વ ઈન્દ્રિય સુખોને હોમી સ્વયંને ત્યાગ, તપશ્ચર્યા અને સેવાની વેદી પર ઉભા રહી સ્વયં પાવન બની, અન્ય આત્માઓને પાવન બનાવવાના દિવ્ય કર્તવ્યમાં પોતાનો સમય, શક્તિ અને સંપત્તિને હોમવા તૈયાર હોય. અન્ય કશું જ નહીં, તો પોતાની બુરાઈઓને સદા માટે તિલાંજલિ આપીને માત્ર પોતાના પવિત્ર જીવનની સહયોગી બની જવા તૈયાર હોય ?

યાદ રહે, આ બ્રહ્માકુમારી બહેનો આપની પાસેથી આત્મીય બંધુ તરીકે આટલી જ ચાહના રાખી રહી છે. આજે નહીં તો કાલે, આપણે આપણી આંખોથી જ જોઈશું કે એવા પવિત્ર ક્રાંતિવીરો જ વિશ્વ વિજયનો ધ્વજ હાથમાં લઈ જનમન પર રાજ્ય કરશે, એક અટલ, અખંડ, નિર્વિઘ્ન અને સુખાકારી રાજ્ય સ્થાપન કરશે જ્યાં સર્વના લાડીલા સર્વગુણ સંપન્ન શ્રીકૃષ્ણ એક ચક્રવર્તી રાજ્ય કરશે ત્યારે જ સાચા અર્થમાં શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ ઉજવાયો ગણાશે.

માટે મનમાં એ સ્પષ્ટીકરણ જરૂર કરી લો કે વર્તમાન વિકારી વિશ્વ એ માનવની આત્મ વિસ્મૃતિની સ્થિતિમાં સર્જાયેલી કૃતિ છે નહીં કે પરમાત્માની.

પરમપિતા પરમાત્મા દ્વારા સ્થાપન થઈ રહેલ નવવિશ્વને માટે લાખોથી વધુ આત્માઓએ પોતાનું નાગરિકત્વ સ્વીકારી લીધું. જોજો, આપ રહી ન જાઓ. આશા રાખું કે આ વર્ષના રક્ષાબંધન પર આપ પણ પોતાની ઉમેદવારી નોંધાવી જાઓ અને નાગરિકત્વ પ્રાપ્ત કરવા માટેની યોગ્યતા ધારણ કરવા માટે તીવ્ર ઉદ્યમી બની જાઓ.

**॥ ઓમશાંતિ ॥**

- **તમે સર્વશક્તિવાન પરમપિતા પરમાત્માના સંતાન છો. તમે સર્વ સમસ્યાઓ તથા પરિસ્થિતિઓથી વધારે શક્તિશાળી છો. સમસ્યાઓ તો નબળા મનની રચના છે. જો તમે તમારી શક્તિઓની સ્મૃતિમાં રહેશો, તો સમસ્યાઓનો ફોર્સ સ્વાભાવિક રીતે નરમ પડી જશે.**

# પ્રસંગ પરિમલ

## શાંતિનો રાહ

ધન કમાવવાની આંધળી દોડમાં આપણે અંદરનો આનંદ ભૂલાવી દઈએ છીએ અને ભગવાને દરેક માનવોને આપેલી અખંડ ક્ષમતાને ભૂલાવી દઈએ છીએ.

એક વ્યાપારી વ્યાપારમાં ઘણું ધન કમાયો. એની પાસે આલિશાન બંગલો હતો. નોકરચાકર હતા અને સુખ સગવડનાં તમામ સાધનો હતાં. પરંતુ ભાગ્યની વાત છે કે એક વાર એને વ્યાપારમાં એટલી ખોટ આવી કે આ સર્વ એની પાસેથી ચાલ્યું ગયું. એક એક પૈસો મેળવવા તે તડપતો હતો. ઘણી બધી મુશ્કેલીઓવાળા એ દિવસોમાં શહેરમાં એક સુપ્રસિદ્ધ સંત આવ્યા. વ્યાપારી એમની પાસે પોતાની સમસ્યા લઈને ગયો. પૂરી વાત એમની સમક્ષ રાખીને તે બોલ્યો મહારાજ, મને કોઈ રસ્તો બતાવો જેનાથી મને શાંતિ મળે.

સંતે પૂછ્યું, શું તમારું સર્વસ્વ ચાલ્યું ગયું? વ્યાપારીએ હકારમાં મસ્તક હલાવતા એમણે ફરીથી પ્રશ્ન કર્યો. જો તે તમારું હતું તો તમારી પાસે જ રહેવું જોઈએ. તે ચાલ્યું કેમ ગયું? વ્યાપારી નિરુત્તર હતો. સંતે ફરી પૂછ્યું, જન્મ સમયે તમે પોતાની સાથે કેટલું ધન લાવ્યા હતા? વ્યાપારી બોલ્યો, મહારાજ જન્મ સમયે તો સૌ ખાલી હાથે આવે છે. આ સાંભળીને સંતે કહ્યું, વારું, હવે એ જણાવો કે મરતી વખતે તમે પોતાની સાથે કેટલું લઈ જવા ઈચ્છો છો? તે બોલ્યો, મરતી વખતે કોણ સાથે લઈ જાય છે. તો હું લઈ જાઉં? સંત બોલ્યા, જ્યારે તમે ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે જ જશો તો પછી ચિંતા શા માટે કરો છો? વ્યાપારીએ કહ્યું - જ્યાં સુધી મૃત્યુ ના આવે ત્યાં સુધી મારો અને મારા પરિવારનો જીવન નિર્વાહ કઈ રીતે થશે? સંત હસતાં હસતાં બોલ્યા, જે ધન પર ભરોસો રાખશે, એની આજ દશા થશે. તમારા હાથપગ સહી સલામત છે. એનાથી કામ કરો. પુરુષાર્થ કરો અને ઈશ્વર પર ભરોસો રાખો. આ શાંતિનો એક માત્ર રસ્તો છે. સંતની વાત સાંભળીને વ્યાપારીની આંખ ઊઘડી ગઈ. સંતની વાતોનું અનુસરણ કરીને તેણે વ્યાપારમાં લાભ તો પ્રાપ્ત કર્યો સાથે સાથે અલૌકિક શાંતિ પણ મેળવી.

## શિષ્ટ વ્યવહાર

એક દુકાનદારને નોકરની ઘણી જરૂર હતી. એણે પોતાના પરિચિતોને કહી રાખ્યું હતું કે કોઈ ભણેલો ગણેલો પ્રામાણિક માણસ મળે, તો મારી દુકાન માટે લેવો છે. કારણ કે હું એકલો છું. જ્યારે હું સામાન લેવા યા અન્ય કામ માટે જાઉં છું તો દુકાન બંધ કરવી પડે છે. ગ્રાહક અને મોતનો શો ભરોસો? ક્યારે આવે અને પાછો ચાલ્યો જાય.

કેટલાક દિવસો પછી એક મિત્ર એક યુવકને લઈને એની દુકાને પહોંચ્યો. યુવક મુશ્કેલીઓથી ઘેરાયેલો હતો. તમામ રોજગાર કાર્યાલયોમાં નોકરી મેળવવા માટેનું રજિસ્ટ્રેશન કરાવી રાખ્યું હતું. પણ ક્યાંયથી નોકરીનો પત્ર આવ્યો નહીં. દુકાનના માલિકે એની યોગ્યતા સંબંધમાં પૂછ્યું તો એણે પૂરી વિગતો જણાવી. સારું હાલ તો તમે તમારે ઘરે જાઓ. હું વિચારીને જણાવીશ. આપના ઘેર જાણ કરીશ. દુકાનદારે કહ્યું, યુવક નિરાશ થઈને પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.

મિત્રે દુકાનદારને પૂછ્યું, 'ભાઈ, આપને વેપાર માટે એક માણસની ઘણી જ જરૂર છે એટલે

તો હું એ યુવકને આપની પાસે લાવ્યો હતો. મારી દૃષ્ટિમાં તે યુવક પરિશ્રમી, પ્રામાણિક અને ભણેલો ગણેલો છે. આપે તેને પસંદ ના કર્યો.'

'ભાઈસાહેબ, હું આપને શું કહું? એમાં ખામી હતી. મારા પ્રશ્નોના એણે ઉત્તરો તો આપ્યા પણ શ્રીમાન, મહોદયજી અને સાહેબ જેવા શિષ્ટતાસૂચક શબ્દોનો એણે ક્યાંય ઉપયોગ કર્યો નહોતો. વેપારની સર્વ સફળતાનો આધાર શિષ્ટ વ્યવહાર પર છે. શિષ્ટાચારના અભાવમાં તો મારો બધો વેપાર જ તૂટી જશે.' અનુભવી દુકાનકારે - પોતાના મિત્રને સમજાવ્યું.

## અદ્ભુત સમતુલા

બ્રહ્માબાબાના જીવનમાં જ્ઞાન અને પ્રેમના અદ્ભુત સુમેળ સાથે જીવનના દરેક ક્ષેત્રમાં સમતુલા હતી. તેઓ દેહી અભિમાની બનવા પર પૂરું ધ્યાન આપતા હતા. પરંતુ દેહના સ્વાસ્થ્ય અને એમની સંભાળની અવગણના કરવાનું કહેતા નહોતા. હા, તેઓ એ તો કહેતા હતા કે વારંવાર શારીરિક અસ્વસ્થતાની ચર્ચા કરીને આપણે પોતાના શ્વાસ બગાડવા નહીં જોઈએ. કારણ કે પ્રકૃતિ તમોપ્રધાન છે અને આપણે અજ્ઞાનકાળમાં વિકર્મ પણ કર્યા છે તો રોગો અને બીમારીઓ તો કદાચ આવશે જ. તેથી એનામાં મનબુદ્ધિને લગાડ્યા કરવાથી તો આપણે શિવબાબાની યાદ માટે સમય કાઢી શકીશું નહીં. તેથી તેઓ કહેતા બાળકો, દવા અને દુઆ બંનેથી કામ લો. રોગની અવસ્થામાં પણ યોગને ના ભૂલો. નહીંતર દેહ અભિમાનનો સંસ્કાર પાક્કો થતો જશે. એના માટે તેઓ કહેતા કે આ શરીર મૂલ્યવાન છે. તેથી કોશિશ કરીને એને સારું રાખો જેથી આ દ્વારા ઈશ્વરીય સેવા પણ કરી શકો અને યોગરૂપ પુરુષાર્થમાં વિઘ્ન ના પડે.

આ રીતે બાબા સારું ભોજન ખાવા માટે કહેતા હતા. પરંતુ સાથે સાથે એમ કહેતા હતા કે પોતાના પેટ પાલન પર જ અધિક ખર્ચ ના કરો. ખાદ્ય પદાર્થો ખાઓ પણ એના પ્રત્યે આકર્ષણ નહીં હોવું જોઈએ. પરંતુ સાથે સાથે સાદગી, સ્વચ્છતા અને સાત્વિકતા ઉપર પણ ભાર મૂકતા. કોઈ સ્થાન બાગ બગીચા વગેરે ફરવા યોગ્ય લાગે તો તેઓ એને જોવાની તથા ત્યાં જઈ આવવાની ના ન પાડતા પણ કેટલીયે વાર સ્વયં પણ કહ્યા કરતા કે જઈને જોઈ આવો. પરંતુ બીજી વાર તેઓ એ પણ કહેતા હતા કે, 'બાળકોમાં ફરવાનો, જોવાનો શોખ યા વ્યર્થ ટેવો નહીં હોવી જોઈએ.' તેઓ કહેતા કે કોઈ ઐતિહાસિક અથવા પ્રાકૃતિક સૌંદર્યના સ્થાનને જુઓ, એને જોવા છતાં પણ પોતાની યોગસ્થિતિને છોડો નહીં અને આવનારી સતયુગી સૃષ્ટિના અતુલનીય સૌંદર્યને ભૂલશો નહીં. તેથી તેઓ કહેતા કે સદા એ યાદ રાખો કે શિવબાબા આપણને જે અદ્ભુત સતયુગી સૃષ્ટિમાં લઈ જઈ રહ્યા છે, તે તો અતુલનીય છે. તેની આભા અને શોભા, એનું સુખ અને સૌંદર્ય અદ્વિતીય છે. આ રીતે બાબા વિચિત્ર રીતથી સમતુલા રાખતા અને યોગસ્થિતિને જાળવી રાખવા તરફ ધ્યાન ખેંચાવતા.

બાબાના જીવનના જે પાસાની જેટલી ચર્ચા કરીએ એટલી ઓછી છે. એમના મુખ ઉપર સદા પ્રસન્નતા રહેતી પણ તેઓ અંતર્મુખી અને ગંભીર પણ હતા. તેઓ ખૂબ ટોલી (પ્રસાદ) ખવડાવતા અને પિકનીક કરાવતા પરંતુ સાથે સાથે બજારના ખાનપાનથી મનને દૂર કરાવતા અને મનની તૃષ્ણાઓને શાંત કરી દેતા. તેઓ અથક રીતથી સેવા કરવામાં તથા કર્મ કરવામાં પ્રવૃત કરતા પરંતુ તેઓ એટલું જ ધ્યાન પોતાની મનોસ્થિતિ અને પોતાના પરમ પુરુષાર્થ પર અપાવતા. અને

આળસને કારણે થનારા અવર્ણનીય નુકસાન પ્રત્યે પણ સાવધાન કરતા. તેઓ મનોવિનોદ તથા ખેલ રમતમાં પણ જતા પરંતુ એટલી જ મહત્તા અને વિદેહી અવસ્થા, ઉપરામ અવસ્થા તથા મૌનાવસ્થાને પણ આપતા. આ રીતે એક નિરાળું અને સર્વાંગી વ્યક્તિત્વ બાબાનું હતું જે પ્રેરક, આકર્ષક, આદર્શ અને વ્યવહારિક પણ હતું. લૌકિક ચર્ચામાં કુશળતા હતી. તો અલૌકિક અને પારલૌકિક દૃષ્ટિકોણ પણ સર્વશ્રેષ્ઠ હતો.

## સારાનો સંગ

જીવનમાં હંમેશા ચંદન જેવી સંસ્કારી વ્યક્તિઓનો જ સંગ કરવો જોઈએ અને કોયલા જેવા દુર્જનોથી દૂર રહેવું જોઈએ.

એક વિદ્વાન અને સદાચારી સજ્જન હતા. શહેરમાં સૌ લોકો એમની સજ્જનતાનું દૃષ્ટાંત આપતા હતા. જ્યારે એમનો પુત્ર વિપરીત સ્વભાવનો હતો. તેઓ ખોટી વ્યક્તિઓની મિત્રતા કરી બેઠો હતો. જેમના સંગથી તે બગડી ગયો હતો. સજ્જને પોતાના પુત્રને કેટલીયેવાર સમજાવવાની કોશિશ કરી. પરંતુ તે પોતાના મિત્રોનો સાથ છોડવા માટે તૈયાર નહોતો. જ્યારે એમને લાગ્યું કે તેઓ સર્વ રીતે પોતાના પુત્રને સમજાવી ચૂક્યા છે પછી એમને એક યુક્તિ સૂઝી. એમણે પોતાના પુત્રને બોલાવીને કહ્યું કે બેટા, મેં તને અનેક પ્રકારની શિખામણો આપી છે પણ હવે હું તે માટે તને કાંઈ કહીશ નહીં. બસ મારું એક કામ કર. પુત્રે પૂછ્યું. શું કરવાનું છે. તો સજ્જને પોતાના પુત્રને એક હાથમાં રસોડામાંથી કોલસા લાવવાનું કહ્યું અને બીજા હાથમાં પૂજાના ઓરડામાંથી ચંદન લાવવા કર્યું. પુત્ર એક હાથમાં કોલસા અને બીજા હાથમાં ચંદન લઈને આવ્યો. કેટલોક સમય પછી સજ્જને કહ્યું, હવે એને પોતાના સ્થાને પરત મૂકી આવ. પુત્રે તેમ કર્યું. પુત્રના જે હાથમાં કોલસા હતા. તે હાથ કાળો દેખાવા લાગ્યો. જે હાથમાં ચંદન હતું તે હાથમાંથી સુગંધ આવી હતી. સજ્જને પોતના પુત્રને બે હાથ બતાવતાં કહ્યું કે બેટા, એક વાત યાદ રાખ. સારા માણસોનો સંગ ચંદન જેવો હોય છે. જ્યાં સુધી સંગ હોય, ત્યાં સુધી સુગંધ મળે જ છે. પણ સંગ છૂટી ગયા પછી પણ સારા વિચારોની સુગંધ જિંદગીભર સાથે રહે છે. દુર્જનોનો સંગ કોલસા સમાન હોય છે. જ્યારે કોલસા હાથમાં હોય છે ત્યાં સુધી તો હાથ કાળા દેખાય છે તે પછી પણ એની કાલિમા જળવાઈ રહે છે. એટલે જીવનમાં ચંદન જેવા સંસ્કારી વ્યક્તિઓનો જ સંગ કરવો જોઈએ. અને કોલસા જેવા દુર્જનોથી દૂર રહેવું જોઈએ. પુત્રે આ શિખામણને પોતના જીવનમાં ઊતારી.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 30નું અનુસંધાન)... સદ્‌ગુણ-અવગુણ**

સમાન આ સર્વથી ઉપરામ રહેતા તે શીખવે છે.

રાજયોગ એટલે સ્વયંને આ દેહ ન સમજતા આત્મા સમજીને આત્મભાવમાં સ્થિત થઈને પરમાત્માની સાથે સંબંધ જોડવો, તેની યાદમાં સ્થિત થવું. મૂલ્યોના સ્ત્રોત પરમાત્મા સ્વયં આવીને આ દુઃખદાયી કાંટાના જંગલને પરિવર્તત કરીને ફુલોનો બગીચો બનાવી રહ્યા છે. તે સ્વયં બાગવાન છે, સુખમય સંસાર - સ્વર્ગના રચયિતા છે. આપણા મૂલ્યનિષ્ઠ, સદ્‌ગુણયુક્ત જીવન પ્રબંધનના ફળ સ્વરૂપે સ્વર્ગની ભેટ આપવા, આપણને સ્વર્ગમાં લઈ જવા આવ્યા છે. ચાલો તો આપણે સૌ સદ્‌ગુણોના જીવનમાં આવિર્ભાવથી હીરા સમાન જીવન બનાવીને સ્વર્ગમાં જવાની તૈયારી કરીએ. આવો છો ને?

**॥ ઓમશાંતિ ॥**

# પર્યાવરણ

## બ્ર.કુ. મધુબેન, બાંટવા

કહે છે કે આ સૃષ્ટિના સર્જનહાર ભગવાને બ્રહ્માજી દ્વારા આ સૃષ્ટિ જગતની રચના ખૂબ સુંદર કરી હતી. ભગવાને પોતાના બધા જ ગુણો અને શક્તિઓ ભરીને આપણને આ ધરતી ઉપર મોકલ્યા હતા. આપણા સર્વની જીવન યાત્રા આજથી પાંચ હજાર વર્ષ પહેલા થઈ હતી આપણે સર્વ ગુણોથી સજ્જ હતા અને દેવી દેવતાના રૂપમાં હતા પ્રકૃતિના પાંચ તત્ત્વો આપણી દાસી બનીને સેવા કરતા હતા. એ સમયમાં પ્રકૃતિનું પર્યાવરણ ખૂબ જ સુખદાયી હતું. ખૂબ શીતળ હતું. પરંતુ ધીરે ધીરે સમયની સાથે આપણામાં પરિવર્તન આવ્યું. ગુણો અને શક્તિઓ યુઝ કરતાં કરતાં આપણે ચાર યુગો પાર કર્યાં, સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને છેલ્લે કલિયુગમાં આપણા ગુણો અને શક્તિઓને ખોઈ બેઠા. પ્રકૃતિના પાંચ તત્ત્વોમાં પણ પરિવર્તન આવી ગયું. આજે પ્રકૃતિનું પર્યાવરણ ખૂબ જ દૂષિત થઈ ગયું છે. આજે લીલી હરિયાળી ક્યાંય નથી રહી. ચારે તરફ વૃક્ષો કપાઈ રહ્યા છે. આ ધરતી પર ઓક્સિજન ખતમ થઈ રહ્યો છે. કોરોનાના સમયે લોકોને ડોક્ટરો પાસેથી વેચાતું ઓક્સિજન લેવું પડ્યુ છે. આજે ભારત સરકારે ૫ જૂન પર્યાવરણ દિવસ તરીકે જાહેર કર્યો છે. વૃક્ષારોપણ કરો, વૃક્ષ વાવો, જીંદગી બચાવો. પર્યાવરણનું રાખો ધ્યાન, ત્યારે ભારત બનશે મહાન. વૃક્ષ લગાઓ, આ દુનિયાને સુંદર બનાવો. વૃક્ષને ન કરો નષ્ટ, શ્વાસ લેવામાં પડશે કષ્ટ, વૃક્ષોની જ્યારે કરશો રક્ષા, ત્યારે બનશે જીવન સુંદર. આવા નારા લગાવી રહ્યા છે. તો પ્રકૃતિના પર્યાવરણને શુદ્ધ રાખવા માટે વૃક્ષારોપણ ખૂબ જરૂરી બની ગયું છે. એક વૃક્ષ એક જીંદગી બરાબર છે. જે ઓક્સિજન આપી લોકોને જીવનદાન આપે છે. ફળ-ફૂલ આપે છે ઔષધીઓ આપે છે. વટેમાર્ગુને શીતળ છાંયો આપે છે. લોકો વૃક્ષ નીચે બેસીને આનંદનો અનુભવ કરે છે, તપસ્વીઓ વૃક્ષ નીચે બેસી તપસ્યા-સાધના કરે છે. વૃક્ષ પશુ-પંખીઓનો સહારો છે. વૃક્ષ લોકોને શીતળતા-ઠંડક આપે છે.

**ગીત - નદી ના અપના જલ પીતી હૈ, પેડ ના અપના ફુલ ખાતે હૈ.**

તો પ્રકૃતિ આપણી સેવા જ કરે છે એ પ્રકૃતિને ફરીથી ઠીક કરવાની જવાબદારી આપણા સૌની છે. તો આપણે સૌ 5 જૂનથી 25 ઓગસ્ટ સુધી અભિયાન ચલાવી વૃક્ષો વાવીએ તેનું જતન કરીએ નિયમિત પાણી પાઈ ઉછેરી મોટા કરીએ.

તો એ આપણા સૌની ફરજ છે ઘરના આંગણામાં, બગીચાઓમાં, ફળીયાના ગ્રાઉન્ડમાં, ખેતરોમાં જ્યાં પણ ખાલી જગ્યા હોય ત્યાં વૃક્ષોને વાવીએ અને ફરીથી ભારતને ગ્રીન ભારત બનાવવાની કોશિશ કરી શકીએ છીએ.

એક રાજાના રાજ્યમાં એક વૃદ્ધ વ્યક્તિ વૃક્ષોના રોપ જ્યાં ત્યાં વાવી રહ્યો હતો અને રાજાને ખબર પડી એ વૃદ્ધ વ્યક્તિ વૃક્ષોના રોપ વાવી રહ્યો છે એટલે રાજા એ વૃદ્ધ વ્યક્તિને મળે છે અને પૂછે છે કે તમે અલગ અલગ ફળો-ફૂલોના વૃક્ષ વાવો છો પણ એમાં તમને તો કાંઈ જ ફાયદો થવાનો નથી કારણ કે તમે તો વૃદ્ધ થઈ ગયા છો એમના ફળ તમે તો નહીં ખાઈ શકો એનો લાભ તમને તો નહીં મળે ત્યારે વૃદ્ધ વ્યક્તિએ રાજાને ખૂબ જ

સુંદર જવાબ આપ્યો છે કે ભલે મને કામ નહીં આવે પરંતુ લોકોને તો કામ આવશે. હું એટલા માટે વૃક્ષો વાવું છું કે મેં પણ અત્યાર સુધી બીજા લોકોની મહેનતનું જ ખાધું છે અને લીધું છે તો હવે હું એ ઋણ ચૂકવી દઉં. આ વાત રાજાએ વૃદ્ધ વ્યક્તિની સાંભળી અને રાજાની આંખ ખુલી ગઈ. કહ્યું કે તમારી વાત સાચી છે રાજાએ વિચાર્યું કે હું મારા રાજ્યમાં ફળ-ફુલોના બગીચાઓ બનાવી મારા પૂરા રાજ્યને લીલુંછમ હરિયાળુ બનાવી દઉં. રાજાએ પૂરી મહેનત કરી પોતાના રાજ્યને લીલુછમ હરિયાળુ બનાવી દીધું.

વૃક્ષોમાં પણ ગુણો છે જે આપણે પણ જીવનમાં ધારણ કરી દિવ્યતા સંપન્ન બનવાનું છે.

**સહનશીલતા -** જેમ કે કેરીનું ઝાડ હોય કેરીઓ આવી હોય બાળકો નીચે રમતા હોય. આંબી ન શકે તો બાળકોએ ઝાડને પથ્થર મારે છે અને ઝાડ પથ્થરનો ઘા સહન કરીને રીટર્નમાં બાળકોને કેરી આપે છે ઝાડની જેમ આપણે પણ સહનશીલ બનીએ.

**નમ્રતા -** ઝાડમાં જ્યારે ફળ બેસે છે અને પાકી જાય ત્યારે વૃક્ષ હંમેશા ઝુકી જાય છે. આપણે ગમે તેટલા ઉંચે પોસ્ટ પોઝીશન સુધી હોઈએ આપણામાં ભલે ગમે તેટલા ગુણ અને શક્તિ હોય તેમ છતાં પણ આપણામાં ક્યારેય અભિમાન ન આવે અને લોકો સાથે નમ્રતાથી સુંદર વહેવાર કરીએ, તો આપણે પણ જીવનમાં નમ્રતા ધારણ કરીએ. કહેવાય છે જે નમે છે તે સૌને ગમે છે.

**શુદ્ધતા -** ઝાડમાં કમ્પલીટ શુદ્ધતા હોય છે શુદ્ધ ઓક્સિજન આપે છે. - એજ રીતે આપણા જીવનમાં પણ મન - વચન - કર્મની શુદ્ધતા ખાનપાનની શુદ્ધતા, સાત્વિકતા હોવી જરૂરી છે.

**શીતળતા - ઠંડક -** તો આપણે આપણા મનને શાંત શીતળ રાખવાનું છે. દિમાંગને ઠંડુ રાખવાનું છે. દિલને પણ શીતળ રાખવાનું છે. જ્યારે મન શાંત દિમાંગ ઠંડુ અને દિલ શીતળ નિર્મળ હશે તો હુમલો નહીં આવે.

**સદા દેવાની જ ભાવના - દાતા ભાવ -** ફળ-ફૂલ, શીતળતા, છાંયો, શાંતિ, શુદ્ધ ઓક્સિજન આપે છે વૃક્ષ સુકાઈ જાય તો છેલ્લે લાકડા પણ લોકોને કામ આવે છે. આપણે મનુષ્ય પણ દેવતા બની દાતા બની દેવાની ભાવના રાખી આપણા જીવનને સુંદર બનાવીએ.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પણ 5 જૂન થી 25 ઓગસ્ટ દાદી પ્રકાશમણિજીના સ્મૃતિ દિવસ સુધી વૃક્ષારોપણ અભિયાન ચલાવીને પૂરા ભારત વર્ષમાં 40 લાખ વૃક્ષારોપણ કરશે તો આપણે સૌ આ અભિયાનમાં સહર્ષ જોડાઈએ એવી શુભ ભાવના.**

॥ ઓમશાંતિ ॥

- **તમારી જાતને જેટલા વધારે સમજશો એટલા જ સહેલાઈથી સુખશાંતિથી રહી શકશો.**
- **સદા દરેકની વિશેષતા જોઈએ વિશેષતાને કાર્યમાં લાવો. કારણ કે બાપદાદાએ (પરમપિતા શિવ પરમાત્મા અને પ્રજાપિતા બ્રહ્મા) દરેક બ્રહ્માવત્સને કોઈને કોઈ વિશેષતા સ્પેશ્યલ આપી છે. પરંતુ જેઓ પોતાની વિશેષતાને કાર્યમાં લાવે છે તેઓ પ્રસિદ્ધ બની જાય છે અને જેઓ વિશેષતાને કાર્યમાં લાવતા નથી તેઓ ગુપ્ત રહી જાય છે. બાકી વિશેષતા સર્વમાં છે. નાનામાં નાના આત્મામાં પણ વિશેષતા છે.**

# સમાજ પરિવર્તનમાં નારીવર્ગનું યોગદાન

બ્ર.કુ. રોહિતભાઈ, વલસાડ

સૃષ્ટિ નિયંતાએ સંસાર નાટકમાં બે પાત્રોનો સમન્વય કર્યો છે. સ્ત્રી અને પુરુષ. જેઓ સંસારરૂપી રથનાં બે ચક્રો છે. બંને ચક્રોની સમાન ગતિથી સમાજ વ્યવસ્થિત ચાલે છે.

સૃષ્ટિના આદિકાળમાં નારીનું ગૌરવવંતુ આગવું સ્થાન હતું. નારી તું નારાયણી કહેવાતું હતું. કોઈ ઋષિએ, કહ્યું છે ‘ યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા’ જ્યાં નારીઓનું પ્રથમ સ્થાન અને બીજું સ્થાન નરનું છે. લક્ષ્મી નારાયણ, ઉષા-મહેશ શચી-પુરંદર, સીતા-રામ, રાધે-શ્યામ જેમાં પ્રથમ નારી અને પછી નરનો ઉલ્લેખ થાય છે. વૈદિક માન્યતાનુસાર નારી વિના આ સંપૂર્ણ વિશ્વ શૂન્ય છે. અથર્વવેદમાં નારીને સત્યાચરણની અથવા ધર્મની પ્રતીક કહેવામાં આવી છે. કોઈપણ ધાર્મિક કાર્ય એના વિના અધૂરું માનવામાં આવ્યું છે. ઋગ્વેદમાં લખ્યું છે કે, ‘અર્થ-શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ, સેવા, સમાનતાની પ્રતીક નારી, પવિત્ર નિષ્કલંક આચારના પ્રકાશથી સુશોભિત, પ્રાતઃકાળ સમાન હૃદયને પવિત્ર કરવાવાળી, લૌકિક કુટિલતાઓથી અનભિજ્ઞ, નિષ્પાપ, ઉત્તમ યશયુક્ત, નિત્ય ઉત્તમ કર્મ કરવાની ઈચ્છા કરવાવાળી, સકર્મણ્ય અને સત્ય વ્યવહાર કરવાવાળી દેવી છો’

પરંતુ મધ્યકાલીન સમયમાં ધર્મસત્તા અને રાજસત્તા અલગ અલગ હાથોમાં ગઈ. બંને સત્તાઓ પર પુરુષવર્ગનું આધિપત્ય રહ્યું. સ્ત્રીની ઉપસ્થિતિમાં પુરુષ અધ્યાત્મના શિખર સર કરવામાં ઊણો ઉતર્યો. જેથી નારીને નાગણ, સ્ત્રી તો પગની સાંકળ, નારી નર્કનું દ્વાર છે એમ કહીને પુરુષોએ જંગલનો રસ્તો અપનાવ્યો.

દ્વાપર યુગમાં શાસ્ત્રો લખવાનું શરૂ થયાં. પુરુષવર્ગના હાથમાં ધર્મનું આધિપત્ય આવ્યું. અને પુરુષોએ ધર્મની ધુરા સંભાળી. શાસ્ત્રોની રચના કરી. જેમાં સ્ત્રીઓને હીન કક્ષાએ ચીતરી. સ્ત્રીઓને ગાયત્રી મંત્ર બોલવાનો અધિકાર છીનવી લીધો. શિવલિંગની પૂજા કરી શકે નહીં. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ પૂજારણ બનાવી દીધી. ગમે એવા પતિને પણ પરમેશ્વર માનવો, સતી થવું, કન્યાના બાલ્યાવસ્થામાં લગ્ન કરાવવા વગેરે બંધનોમાં બાંધી દીધી. સ્ત્રી કન્યાવસ્થામાં પિતાની છત્રછાયામાં, યુવાવસ્થામાં પતિની અને વૃદ્ધાવસ્થામાં પુત્રની છત્રછાયામાં જીવે એવી મનગઢિત આચારસંહિતા બનાવી પુરુષવર્ગ પોતાનું આધિપત્ય જમાવ્યું. આ રીતે નારીવર્ગનું ખૂબ શોષણ થવા લાગ્યું ત્યારે અનેક સમાજસુધારકો આગળ આવ્યા. જેમ કે રાજારામ મોહનરાય, ગાંધીજી જેવાઓએ નારીવર્ગને અનેક કુરિવાજોમાંથી સમય પ્રતિ સમયે મુક્ત કરી.

નારીને સ્વતંત્રતા મળવા લાગી. નારીને પુરુષ સમોવડી બનાવી. ઉચ્ચ કક્ષાના ભણતરથી માંડીને દેશમાં સૈન્યમાં ભરતી કરવા સુધી, મતાધિકાર સહિત અનેક હક્કો નારીને અપાવ્યા. આજે દરેક ક્ષેત્રોમાં નારી આગવું સ્થાન પ્રાપ્ત કરી રહી છે.

પરંતુ આજની નારી સ્વતંત્રતાના નામે સ્વચ્છંદી થતી જાય છે. ફેશનના નામે દેહનું પ્રદર્શન વિકારીવૃત્તિથી પુરુષોને આકર્ષવા, પુરુષ સમોવડી બનવા પુરુષના પહેરવેશથી માંડીને બીડી, સીગારેટ, શરાબનું વ્યસન અપનાવવા લાગી. જેથી પુરુષોએ પણ નારીને રમણી, ભોગ્યા,

કામિની રૂપે સ્વીકારી. આવી સ્થિતિમાં પૂજ્યભાવ કુદષ્ટિના રૂપમાં બદલાઈ ગયો. જેને કારણે સમાજમાં વ્યભિચાર અને બાળાત્કારના કિસ્સાઓ વધુ બની રહ્યા છે. સ્ત્રીને જાહેરાતનું માધ્યમ બનાવી છે. બ્લેડની, સીગારેટની કે શરાબની જાહેરાતોમાં નારીના દેહપ્રદર્શન દ્વારા ઉદ્યોગપતિઓ જાહેર જનતાનાં ખીસાં ખાલી કરી લે છે. સમાજનું માનસ દૂષિત થાય છે. આજનો આ સમાજ કલુષિત ભ્રષ્ટાચારથી ખદબદી ગયો છે. સામાજિક સ્વાસ્થ્ય કથળી ગયું છે. નારીનું પતન એટલે કે સમાજનું પતન. નારીનું ઉત્થાન એટલે કે સમાજનું ઉત્થાન. મહાન પુરુષો, વીર પુરુષોની જન્મદાત્રી નારી છે. બાળકનો પ્રથમ ગુરુ એ મા છે. એક વાત યાદ આવે છે. એક વાર એક મહાચોરને જન્મટીપની સજા થઈ. એને અંતિમ ઈચ્છા પૂછવામાં આવી, તો એણે એની માને મળવાની ઈચ્છા દર્શાવી. મા કોર્ટમાં વહાલાસોયા દીકરાને મળવા આવી. તો પેલા ચોરે માનો કાન કરડી ખાધો. માના કાનમાંથી લોહી વહેવા માડ્યું. કોર્ટમાં હાજર બધા જ માણસો સ્તબ્ધ થઈ ગયા. આમ કરવાનું કારણ પૂછ્યું. તો એ ચોરે કહ્યું મારી આજની આ દશાનું મૂળ કારણ મારી મા છે. હું નાનો હતો તો સ્કૂલમાંથી પેન્સીલ, રબરની ચોરી કરી લાવતો. પણ મારી મા મને અટકાવવાને બદલે ખુશ થતી હતી. પછી ધીમે ધીમે મને આદત પડી ગઈ અને હું મોટો ચોર બની ગયો.

શિવાજીમાં બાલ્યાવસ્થામાંથી જ વીરતાના સંસ્કાર ભરનારી એની માતા જીજાબાઈ હતાં. મહાત્મા ગાંધીજી જેવી મહાન વિભૂતિની જન્મદાત્રી એક સંસ્કારી કુલીન માએ નાનપણથી સારા સંસ્કારોનું સિંચન કર્યું હતું. શંકરાચાર્યે મંડન મિશ્રના શાસ્ત્રાર્થમાં ભારતીને મધ્યસ્થી તરીકે નિયુક્ત કરી હતી. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ શૂરવીર હતી. તેનો રાષ્ટ્રપ્રેમ કેમ ભૂલાય? સમાજમાં ગૃહસ્વામિની તથા માતાના રૂપમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત નારીએ જ્યારે જ્યારે રાષ્ટ્રને આવશ્યકતા પડી ત્યારે ઘરની બહાર નીકળીને માતૃભૂમિને માટે સેનાનું સંચાલન હાથમાં લીધું હતું.

ગાર્ગી, સલભા, જયમતી, નાયિકા પ્રભાવતી, વિજય ભટ્ટારિકા, સુગંધા, મીનાદેવી, રાજશ્રી, દુર્ગાવતી, અહલ્યાબાઈ, લક્ષ્મીબાઈ, ઇંદિરાગાંધી જેવી નારીઓની નેતૃત્વ ક્ષમતાથી નારી શક્તિની જવાબદારી અને મહત્ત્વપૂર્ણ કર્તવ્યોનો પરિચય મળે છે.

નારીવર્ગનું સમાજમાં આગવું સ્થાન છે. આજે ભારતમાં કોઈપણ નદીનાં નામ ગંગા, જમુના, સરસ્વતી સ્ત્રીલીંગ પરથી પાડવામાં આવ્યાં છે. આજે દરેક વ્યક્તિ પોતાની ભૂમિને માતૃભૂમિ કહે છે. પિતૃભૂમિ કહેતો નથી. અંગ્રેજીમાં પણ મધર લેન્ડ કહેવાય છે. ફાધર લેન્ડ કહેવાતું નથી. વંદેમાતરમ્ કહેવાય છે, વંદે પિતરમ્ કહેવાતું નથી. જીવનના આપત્તિકાળે પણ મનુષ્ય સ્ત્રીને જ શક્તિરૂપે યાદ કરે છે. ધનની જરૂરિયાત સમયે ધનની દેવી શ્રી લક્ષ્મી, વિદ્યાની જરૂરતના સમયે વિદ્યાપાર્જન કરનાર વિદ્યાર્થી વિદ્યાની દેવી સરસ્વતીને અને વિશ્વ વંદનીય મા જગતઅંબાને મનની મનોકામના પૂર્ણ કરાવવા રીઝવે છે. શુભકાર્યમાં કળશ હંમેશા બહેનોના માથા પર મૂકવામાં આવે છે. કુમારિકાનું પૂજન થાય છે. તેમજ એને શુકનવંતી કહેવાય છે.

સમાજનું એકમ વ્યક્તિ છે. વિશેષરૂપે નારીવર્ગના પરિવર્તનમાં સમાજનું પરિવર્તન સમાયેલું છે. સ્ત્રી સમાજ પરિવર્તનમાં મહત્ત્વનું યોગદાન આપી શકે એમ છે. પરંતુ પહેલાં નારીએ

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

# સદ્‌ગુણ - અવગુણ કે કારણ, કોઈ હીરા હૈં, કોઈ પથ્થર હૈં

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

આપણે સૌ આજના વિજ્ઞાનયુગના ફળ ચાખી રહ્યા છીએ. આપણી ચારે તરફ સુખસુવિધાના સાધનો આપણી સેવામાં ઉપસ્થિત છે. વિજ્ઞાને આપણા હાથમાં દરેક કાર્યનું બટન આપી દીધું છે. રીમોટથી બધું જ થાય છે. એરકન્ડીશનર, માઈક્રોવેવ ઓવન, લાઈટ, પંખા, ટીવી - બધા ઉપકરણોને કારણે આપણું હલન-ચનલ ઓછું થયું છે. અને માનવમાં આળસનું પ્રમાણ વધી ગયું છે. આજે ઘણા-બધા વ્યક્તિઓને કાર્ય કરવાનું ગમતું નથી. કારણ કે માનવમન વિચિત્ર છે. તેને કોચલામાં પુરાઈ રહેવાનું (Comfort Zone)મં રહેવાનું ખૂબ ગમે છે.

જીવનમાં મૂલ્યો - સદ્‌ગુણોનું હોવુ ખૂબ જ મહત્ત્વનું છે. મૂલ્ય યુક્ત જીવન સુખશાંતિમય જીવનનો સન્માર્ગ છે. પણ આજે આપણે એવા સમયના દૌરમાંથી ગુજરી રહ્યા છીએ કે મૂલ્યોને જાળવીને જીવન જીવવા માટે પણ આંતરિક શક્તિની જરૂર પડે છે. ડગલેને પગલે જૂઠ, ઈર્ષ્યા, દ્વેષ, બદલાની ભાવના, કામ, ક્રોધ, મોહ-attachment, લોભ, અહંકાર-egoની જ્વાળાઓ સ્વયંમાં તેમજ સમાજમાં ઉઠતી જોવા મળે છે.

એક સમય હતો જ્યારે કહેવાતું હતું કે 'જીવનમાં ધન ગયું તો કાંઈ જ નથી ગયું, સ્વાસ્થ્ય ગયું તો કાંઈ જ નથી ગયું, પણ જો ચારિત્ર્ય ગયું તો સર્વસ્વ ગયું.' ચારિત્ર્યની રક્ષા માટે કેટલાય લોકો જીવ ગુમાવતા, ગામ-નગરમાં મૂલ્યનિષ્ઠ માનવનું, ચારિત્ર્યવાન વ્યક્તિઓનું માન હતું, પછી ભલે ને તે ગરીબ હોય. પણ આજે... ધન સંપત્તિની જ બોલબાલા છે. આગળનું સ્લોગન ઉલ્ટુ થઈ ગયું છે.' ચારિત્ર્ય ગયું તો કાંઈ જ નથી ગયું, પણ ધન ગયું તો સર્વસ્વ ગયું.' આમ પણ સમાજમાં મૂલ્યો બદલાતા રહ્યા છે. પહેલા બદલાવ હજારો વર્ષમાં આવતો પછી 150-200 વર્ષમાં -- હવે ધીરે ધીરે ઓછા સમયમાં મૂલ્યો બદલાવા લાગ્યા. પેઢીઓ વચ્ચે 20-25 વર્ષમાં મૂલ્યો બદલાયા એટલે જ તો આજે પેઢીઓ વચ્ચે અંતર (generation gap) જોવા મળે છે. પણ હવે તો નિષ્ણાત સમાજ-શાસ્ત્રીઓ માને છે કે અત્યારે 3 વર્ષના અંતરે જન્મેલા ભાઈ-બહેનોના વિચારો મળતા નથી. જન્મમાં કેટલાંક સમયનો ફેર પણ વિચાર પ્રણાલી બદલી દે છે. આજના યુવાઓ પણ એક કાલ્પનિક જીવન જીવે છે. મોબાઈલ, ઈન્ટરનેટ, ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સ એપની એક આભાસી દુનિયામાં આભાસી સંબંધો, દોસ્તી, પ્રેમ પર જીવે છે. સુંદર સપનાના તેમાં વાવેતર કરે છે. સમય પસાર થાય તેમ તેમ પોતાની કલ્પનામાં જ હકીકત માની બેસે છે. તેમાં જ જીવે છે. રોજના આવતા 4 થી 5 હજાર સંદેશાઓ (messages), નેટની દુનિયા, ડાઉન લોડ્સ, વીડીઓઝ, સીરીયલો, ફિલ્મોની આભાસી દુનિયામાં લાઈક્સ ડીસલાઈક્સમાં આમતેમ ઈમોશનલી ફંગોળાતા જીવતા હજારો મિત્રો, સેંકડો સંબંધીઓની વચ્ચે પણ એકાકી જીવન ગુજારે છે. અને દુઃખ - અશાંતિ - નિરાશા - ડિપ્રેશનમાં તેનો અંત પામે છે.

વિજ્ઞાનના સાધનો આપણી સુવિધા માટે બનેલા છે. તે સુખ આપે છે, પણ અલ્પ સમય માટે જ. આજનો યુવા પેઢી વિજ્ઞાનનો ભરપૂર લાભ લઈ રહી છે. પણ જીવનમાં મૂલ્યો - સદ્‌ગુણોનો હ્રાસ થઈ રહ્યો છે. મૂલ્યો નષ્ટ થઈ રહ્યા છે. સમાજ જાણે કે મૂલ્યોથી મુખ ફેરવી બેઠો છે. નૈતિકતાને તે

બંધન સમજે છે. મોજ મસ્તીથી જીવો, ભલે તેનાથી સ્વયંને કે અન્યને નુકસાન થાય. વાર્તાઓ (stories) કે સત્ય ઘટનાઓથી મળતો બોધપાઠ તેમને પસંદ નથી. ઈતિહાસમાંથી શીખવાની તમન્ના નથી. યુવાઓ વર્તમાનમાં જીવે છે. ભવિષ્યમાં જે થવું હશે તે થશે - જોયું જશે - માનીને જીવન જીવે છે. સહનશીલતા, પ્રેમ, સદ્ભાવના, આદરભાવ, કરૂણા જેવા મૂલ્યોની તેને કદર નથી. જીવનમાં તે ન હોવાથી નાના-મોટાનું ધ્યાન રાખ્યા વગર અન્યનું ઈન્સલ્ટ કરી દે છે. પોતાના દુઃખને વાગોળે છે, અન્યના સુખની ઈર્ષ્યા કરે છે. વડીલોને, વૃદ્ધોને તે કચરો (Garbage) સમજે છે અને એટલે તેને ઘરમાં ન રખાય એમ માનીને તેને તરછોડે છે. સમાજમાં વૃદ્ધાશ્રમ વધી રહ્યા છે. વૃદ્ધો પોતાના ભવિષ્યથી ચિંતિત છે. અમેરિકામાં સાઈક્યાટ્રીસ્ટ પાસે ટ્રીટમેન્ટ લેવા આવનારાઓમાં મોટાભાગની ફરિયાદ એકલવાયાપણાની છે. યુવા ઉર્જા, પૂર આવેલી નદીની જેમ બધી સુંદરતા નષ્ટ કરીને કચરો કાદવ છોડી રહી છે.

પડોશીના ફ્રીઝમાંથી મીઠાઈ ચોરવાના આરોપસર એક કિશોરને બિહારના નાલંદાની જુવેનાઈલ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો. આરોપી કિશોર જ્યાં રહેતો હતો, એક દિવસ ખૂબ ભૂખ લાગતા તેણે પડોશીને ઘેર જઈને તેમના ફ્રીઝમાં રાખેલી મીઠાઈ ખાઈ લીધી અને ફ્રીઝ પર રાખેલો મોબાઈલ ફોન લઈને ગેમ રમી રહ્યો હતો. ત્યાં જ પડોશણે તેને પકડીને પોલીસને હવાલે કરી દીધો. કોર્ટમાં કિશોરે મેજીસ્ટ્રેટને કહ્યું કે - 'મારા પિતા બસ ડ્રાયવર હતા. એક્સીડન્ટમાં તેમની કમરનું હાડકું ભાંગી ગયું ત્યારથી તેઓ પથારીવશ છે. માતા પણ બીમાર છે. ઘરમાં કમાનાર કોઈ જ નથી. નાના અને મામા પણ હયાત નથી. ત્યારે મને ખૂબ ભૂખ લાગી એટલે મેં આવું કર્યું. હવેથી હું આવું નહીં કરું.' મેજીસ્ટ્રેટે કહ્યું કે 'આ આજના સમાજની વરવી હકીકત છે, જે દુઃખદ છે. નાના છોકરાઓને પોતાના સપનાઓ હોવા છતાં આવી નાની એવી ચોરી કરવી પડે તે સમાજમાં પ્રવર્તતા મૂલ્યોનો હ્રાસ દર્શાવે છે. એટલે બાળકોના કેસમાં આપણે સહિષ્ણુ અને સહનશીલ બનવું પડશે. આપણા પડોશમાં બાળક ભૂખ્યું હોય કે બીમાર હોય, લાચાર હોય તો સરકારને દોષ દેતા પહેલાં આપણે કરૂણામય બનવું પડશે.' તેમણે બાળકને નિર્દોષ છોડી દીધો.

ભવિષ્યની અનિશ્ચિતતા, સાચા સ્નેહનો અભાવ, સ્વાર્થવૃત્તિએ સામાજિક જીવન તોડી નાંખ્યું છે. દીવાલમાં તિરાડ પડવાથી દીવાલ તૂટે છે. પણ સંબંધોમાં તિરાડ પડવાથી દીવાલો ઉભી થાય છે. સમાજ ઉંચ નીચ, નાતજાતના વાડાઓમાં વહેંચાયેલો તો હતો જ પણ હવે વ્યક્તિગત વાડાઓમાં વહેંચાઈ રહ્યો છે. એક કવિએ ઠીક કહ્યું છે કે 'કોઈ કિસીકા નહીં હૈ - જુઠે નાતે હૈ, નાતો કા ક્યા..' આનું મુખ્ય કારણ છે. - જીવનમાં મૂલ્યોના અભાવ. મૂલ્ય યુક્ત જીવન ફુલોનો બગીચો છે, જેમાં સુંદર ફૂલો ખીલેલા હોય, જે દૂર થી જ આકર્ષિત કરે, જે સુગંધીત હોય, જે મનને તરબતર કરે. મૂલ્યહીન જીવન કાંટાના જંગલ સમાન છે, જેમાં જઈએ તો કાંટા વાગે, દુઃખ થાય. સદ્ગુણયુક્ત જીવન હીરા સમાન મૂલ્યવાન જીવન છે. અવગુણોથી ભરેલું જીવન પથ્થર સમાન છે, જે રસ્તા વચ્ચે હોય તો નડે છે. તેનું મૂલ્ય પણ ઘણું ઓછું કે નહીંવત છે. કબીરે પણ કહ્યું છે કે - 'જબ હમ જગમેં આયે, જગ હસત હમ રોય, ઐસી કરણી કીજીએ, જબ હમ જગસે જાયે, હમ હસત જગ રોય.' કર્મ આપણા સદ્ગુણયુક્ત હોય તો જગત અનેક વર્ષો સુધી યાદ કરે.

એક સુથાર નિવૃત્ત થવાનો હતો. જેના દ્વારા

તે કામ કરતો હતો તે કોન્ટ્રાક્ટરને તેણે કહ્યું - 'બસ હવે બહુ બધા મકાન બનાવી લીધા - હવે હું પત્ની અને બાળકો, પૌત્રો સાથે આરામની જિન્દગી જીવવા ઈચ્છું છું.'

પોતાના એક કાબેલ કારીગરની નિવૃત્તિની વાત સાંભળીને કોન્ટ્રાક્ટરને દુઃખ થયું, પણ મન મનાવીને એણે સુથારને કહ્યું - 'થોડો સહકાર આપીને બસ, હવે એક વધુ ઘર બનાવી આપો. એ પૂરું થાય પછી તમે સાવ નિવૃત્ત.' સુથાર સંમત થયો. પોતાની જિન્દગીના છેલ્લા પ્રોજેક્ટનું કામ શરૂ કર્યું.

જો કે આ તેનો છેલ્લો પ્રોજેક્ટ હતો એટલે તેણે અધૂરા મનથી કામ કર્યું. તે હવે સાંજ ક્યારે પડે તેની રાહ જવો લાગ્યો. ઘર બનાવવામાં સારામાં સારો સીમેન્ટ વપરાય છે કે નહીં તેનું ધ્યાન ન રાખ્યું. મકાનમાં વધુ સારી સુવિધા ઉભી કરવાની તેણે પરવા ન કરી. બારી દરવાજા માટે ઉત્તમ ક્વોલીટીવાળું લાકડું ન વાપર્યું. ફર્નિચર પણ રેઢીયાળ બનાવ્યું. મકાનનું ઈન્ટીરીયર બનાવવામાં પણ પૂરી કાળજી લીધી નહીં. આમ જ કામ ચાલતું રહ્યું અને જે પ્રોજેક્ટ પૂરો કરવા માટે સામાન્ય રીતે તેને નવ-દસ મહીના થતા તે તેણે ફક્ત ત્રણ મહીનામાં પૂરો કરી નાંખ્યો.

એક દિવસ કોન્ટ્રાક્ટરે સુથારને પોતાની ઓફિસમાં બોલાવ્યો. પેલા નવા બંધાયેલા ઘરની ચાવીઓ સુથારને સોંપીને કહ્યું - 'વરસો સુધી તમે મારી સાથે ઘણું સારૂ કામ કર્યું એના બદલામાં તમારી નિવૃત્તિ સમયે આ મારી ભેટ છે.'

સુથાર તો ડઘાઈ ગયો. તેને જો ખબર હોત કે તે પોતાનું જ મકાન બનાવી રહ્યો છે તો તેણે બધું જ સાવ જુદી રીતે કર્યું હોત. આપણે પોતે જ આપણા પોતાના ભવિષ્ય ના આર્કિટેક્ટ છીએ. આપણે જ તેના કોન્ટ્રાક્ટર, ઘડવૈયા છીએ. તેને સારૂ કે નરસુ બનાવવાનું માધ્યમ કર્મ જ છે. આપણે જિન્દગીમાં જે કાર્ય કરીએ છીએ તે પૂરેપૂરું મન લગાવીને અન્યને સુખ પહોંચે તેવી રીતે શુભેચ્છાઓ, શુભ ભાવનાઓ, નિષ્ઠા સાથે, સદ્ગુણયુક્ત, મૂલ્ય નિષ્ઠ રીતે કરીશું તેના ફળ સારા ચાખીશું. નહીં તો સંત કબીરે કહ્યું તેમ - 'બોયા પેડ બબુલકા તો આમ કહાં સે ખાયે'ની જેમ દુઃખ અશાંતિની જ પ્રાપ્તિ થશે કે ઉપરોક્ત સુથારની જેમ રીટર્ન મળશે. કર્મ એક એવું રેસ્ટોરન્ટ છે જ્યાં તમને તે જ પીરસવામાં આવે છે, જે તમે જ બનાવેલું છે. કર્મ તેવું ફળ નિશ્ચિત છે તો પછી સારું કર્મ જ કરવાનું ધ્યાન રાખીએ.

તે જરૂર યાદ રાખીએ કે આપણે જિન્દગીમાં રાખેલા વલણ, મૂલ્યો, સદ્ભાવના, કરૂણા-દયા, સ્નેહ, સહકાર, સહાનુભૂતિનું ફળ જ આપણને આગળ જતા ભવિષ્યમાં મળવાનું છે કારણ કે આપણે પોતે જ આપણે જ તૈયાર કરેલા ઘરમાં રહેવા જવાનું છે. તો જરૂર દિલથી, સત્યનિષ્ઠા, પ્રમાણિકતાથી કર્મ કરીએ.

આ સદ્ગુણો યુક્ત, હીરા સમાન જીવન જીવવા માટે, તેની ધારણા માટે, તે માર્ગ પર ચાલવા માટે મનુષ્યો મહેનત તો કરે જ છે, પણ આજના આ ભૌતિકતા પ્રધાન દુનિયામાં મૂલ્યનિષ્ઠાના માર્ગ પર ચાલવામાં આવતા વિઘ્નોથી ડગી જઈને તે માર્ગ છોડી દે છે. આ સદ્ગુણોને ધારણ કરીને વિકસાવવામાં, મૂલ્યના સન્માર્ગ પર ચાલવાની આંતરિક શક્તિ મેળવવામાં રાજયોગ-મેડીટેશન ઘણી મદદ કરે છે. રાજયોગ આત્માને શક્તિશાળી બનાવીને આપણામાં આત્મવિશ્વાસ જગાવે છે. અસત્ય, જુઠ, અપ્રમાણિકતાની વચ્ચે રહીને પણ કમળપુષ્પ

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

# અજ્ઞાનવશ કરેલાં કર્મોનું ફળ

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુ રોડ

કર્મોની ગતિ અતિ ગુહ્ય છે. જે જેવાં કર્મ કરે છે તેવું તેને સારું અથવા ખરાબ ફળ મળે છે. ભલે સારા કર્મનું ફળ મળતા વાર લાગે પરંતુ કર્મનું ફળ ચોક્કસ મળે છે. જો કોઈ ખરાબ કર્મ કરે તો તેને અવશ્ય તેવું જ ફળ મળે છે. એટલા માટે જ કહેવાય છે કે ભગવાનના ઘરે વાર છે પણ અંધકાર નથી. જેવી ક્રિયા તેવી જ પ્રતિક્રિયા હોય છે. એટલા માટે આપણે કર્મો ઉપર ધ્યાન આપવું જરૂરી છે. અજ્ઞાનતામાં કોઈપણ કર્મ થઈ જાય તો તેનું ફળ પણ મળે છે. જ્યારે ભગવાનને યાદ કરીએ છીએ ત્યારે મન, બુદ્ધિ ભટકે છે. ઊંઘ આવે છે. કોઈ નાના મોટા જીવજંતુ આપણા દ્વારા મરી જાય છે. તેના પર આપણે ધ્યાન નથી આપતા, પણ તેવા કર્મોનું ફળ મળે છે. જો કોઈપણ કર્મ ઈશ્વરીય નિયમ મર્યાદા પ્રમાણે કરીએ છીએ તેને પુણ્ય કર્મ કહેવાય છે. તેનું ફળ સુખ સ્વરૂપે મળે છે. ઈશ્વરીય નિયમ મર્યાદા વિરુદ્ધ કર્મ વિકર્મ કહેવાય છે. તેનું ફળ દુઃખ સ્વરૂપે મળે છે.

મહાભારતમાં પિતામહ ભીષ્મ થઈ ગયા. જે મહાન પુરુષ હતા તો પણ તેમને બાણોની શૈયા પર સૂતાં બતાવ્યા છે, તે ક્યા કર્મનું ફળ છે. એકવાર શ્રી કૃષ્ણ ભીષ્મપિતા પાસે આવે છે. ત્યારે તેમને પૂછે છે આ ક્યા કર્મનું ફળ છે. ત્યારે શ્રી કૃષ્ણ હસીને કહે છે તમે તમારા કર્મોને તપાસો. આ જન્મના અથવા પૂર્વ જન્મના. જ્યારે તમે રાજા હતા ત્યારે તમે રથમાં બેસીને ફરવા જતા હતા. ત્યારે રસ્તામાં સાપ પડેલો જોઈ તમે તેને તીર વડે ઉઠાવી રસ્તાની બાજુમાં ફેંક્યો. ત્યારે ત્યાં કાંટાની ઝાડીમાં તે પડ્યો. સાપ કાંટામાં પડ્યા પડ્યા ઘાયલ થઈને મરી ગયો. તેમની ભાવના સાપને બચાવવાની હતી. અજ્ઞાનતાનું કર્મફળ તેમને ભોગવવું પડ્યું. અજાણતાં અથવા જાણી જોઈને કરેલ કર્મનું ફળ અવશ્ય મળે છે. કોઈપણ કર્મ ઈશ્વરીય નિયમ મર્યાદા વિરુદ્ધ ન થાય તેની સાવધાની રાખીને કરવું જોઈએ. જેવી રીતે ગાડી પાટા ઉપરથી ઉતરી જાય તો દુર્ઘટના સંભવે છે. તે પ્રમાણે આપણે જીવનરૂપી ગાડીને નિયમ મર્યાદા પ્રમાણે ચલાવીએ તો જીવન સુખી બને છે. નહીં તો દુઃખોનો સામનો કરવો પડે છે. ઈશ્વરીય નિયમ મર્યાદા તોડીને જીવન જીવવાથી અથવા વિકારોને વશ થઈને કુકર્મ કરીએ છીએ ત્યારે આપણા જીવનમાં દુઃખ, અશાંતિ આવે છે અને જીવન આબાદ થવાને બદલે બરબાદ થઈ જાય છે.

આપણને ભગવાનની યાદની યાત્રામાં વિઘ્ન આવે છે. તેનું કારણ પરચિંતન, હસી મજાક અને આળસ છે. ઊંઘ આવે છે તે માયાના રૂપમાં આવે છે. બુદ્ધિ આમ-તેમ દોડે છે. ખુશી ગાયબ થઈ જાય છે. બેચેની આવી જાય છે. મન અશાંતને દુઃખી બને છે. આ બધા કારણો એ જ નિયમ મર્યાદા ઉલ્લંઘનની સજા છે. યોગ બળથી પાપ ભસ્મ થતા નથી. આપણા જીવનમાં જે કંઈ ઘટના બને છે તે આજન્મના અથવા પૂર્વ જન્મના કર્મોનું ફળ છે. માટે દુઃખના સમયે દુઃખી ન થવું જોઈએ. પરંતુ દુઃખની ક્ષણમાં પણ પ્રભુ પિતાને યાદ કરી યોગ શક્તિને સહારે હિંમત રાખવાથી સુખ અનુભવ થશે. ભગવાનની શ્રીમત પાલન કરવાથી કર્મ ભોગને કર્મયોગમાં પરિવર્તિત કરવાથી, શૂળમાંથી કાંટા જેટલું દુઃખ અનુભવાશે. પહાડ જેટલું મોટું દુઃખ આપણી સામે હશે તે રાઈ જેટલું બની જશે

(અનુસંધાન પેજ નં. 33 પર)

## દિવ્યદર્શન

# દિવ્ય ગુણોની મૂર્તિ - દાદી પ્રકાશમણિજી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

વિશ્વ વંદનીય, પરમ આદરણીય રાજયોગિની દાદી પ્રકાશમણિજીનો જન્મ ઈ.સ. ૧૯૨૨માં વર્તમાન પાકિસ્તાન દેશના સિંઘ પ્રાંતમાં હૈદરાબાદ શહેરમાં ખૂબ જ ભક્તિભાવવાળા સુખી સમ્પન્ન પરિવારમાં થયો હતો. તેમનું મૂળ લોકિક નામ રમા હતું. તેઓ બાળપણથી જ શ્રીકૃષ્ણની ભક્તિમાં ખૂબ સાદગીભર્યું જીવન પસાર કરતા હતા. તેઓ શાળામાં ભણવાના અભ્યાસમાં તેજસ્વી, પ્રતિભાશાળી અને હોશિયાર હતા. બ્રહ્માકુમારીઝના સૌ પ્રથમ મુખ્ય શિક્ષિકા મીઠી મમ્માના સહ અધ્યાયી પણ હતા. જયારે તેઓ દસમા ધોરણમાં ભણતા હતા ત્યારે એટલે કે ઈ.સ. ૧૯૩૬ દરમિયાન એક મહત્વની ઘટના તેમના જીવનમાં ઘટી કે તેઓએ ૧૪ વર્ષની યુવા ઉંમરે આધ્યાત્મિકતાનો રાહ પસંદ કર્યો. તે સમયે એક બનાવ બન્યો કે, હૈદરાબાદ નગરમાં બ્રહ્મા-બાબાના ઘરે સત્સંગ ચાલતો હતો. દાદીજી પ્રથમ વખત જ આ સત્સંગનો લાભ લેવા ગયા હતા, ત્યારે પિતાશ્રી બ્રહ્માને જોતાવેત તેમને શ્રીકૃષ્ણનો અલોકિક સાક્ષાત્કાર થયો. તેમની શ્રીકૃષ્ણના દર્શન કરવાની ભક્તિની ભાવના પૂરી થઈ જતાં ખૂબ ભાવવિભોર થઈ ગયા. તે સમયે ત્યાંના ઓમધ્વનિના ઉચ્ચારણથી એક આધ્યાત્મિક રૂહાની વાતાવરણથી તેઓ ખૂબ આકર્ષિત થયા. તેમણે પ્રજાપિતા બ્રહ્માબાબાના સાકાર તનની અંદર અવતરિત થયેલ પરમપિતા નિરાકાર શિવ પિતા પરમાત્માને ઓળખવામાં જરા પણ વાર ન લાગી. ૧૫ વર્ષની નાની ઉંમરમાં જ લોકિક અભ્યાસને છોડી, પોતાનું સમગ્ર જીવન પ્રભુપિતાને અર્પિત કરી દીધું. પાર્વતીની જેમ શિવને સાજન માની પતિવ્રતા સમગ્ર જીવન ગાળીયું. પરમપિતા શિવબાબાના વિશેષ અને ખાસ બાળકની જેમ જીવન પર્યંત પિતાવ્રતા પણ બનીને રહ્યાં. ઈ.સ. ૧૯૩૬ થી ૨૦07 સુધી સાત દાયકા સુધી સમગ્ર વિશ્વની દુ:ખી, અશાંત, પીડિત માનવ જાતની બેહદની સેવામાં, વિશ્વ કલ્યાણની સેવાનું ભગીરથ કાર્ય કરતા તારીખ ૨૫-૮-૨૦૦૭, શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે શાંતિવન પરિસરમાં કર્માતીત અવસ્થાને પામીને પાર્થિવ દેહનો ત્યાગ કર્યો હતો. હજારો માનવ મેદનીએ દાદી પ્રકાશમણિજીના અંતિમ દર્શન કરી શ્રદ્ધા-સુમન અર્પિત કર્યા હતા.

દિવ્ય દાદી પ્રકાશમણિજીના જીવનનો સૌથી મોટો દિવ્ય ગુણ હતો કે, તેઓ આજીવન સત્યની રાહ પર ચાલ્યા. તેઓએ તેમની 87 વર્ષની જીવનયાત્રા દરમિયાન ક્યારે પણ જૂઠું બોલ્યા જ નથી. ક્યારેય કોઈ જૂઠો વ્યવહાર કર્યો નથી. દાદીજી માટે એમ પણ કહી શકાય કે, તેમને જૂઠું બોલતા આવડતું જ ન હતું. જુઠું કોને કહેવાય તેની તેમને ખબર જ ન હતી. તે પવિત્ર દેવી બનીને રહ્યા એટલે કે પવિત્રતાની પ્રતિમૂર્તિ હતા. તેમની રૂહાની અને પવિત્ર શક્તિશાળી દ્રષ્ટિથી અનેક આત્માઓએ પવિત્ર જીવન જીવવાનું વ્રત લીધું હતું. જ્યારથી તેઓ રુદ્ર જ્ઞાનયજ્ઞ સાથે જોડાયા ત્યારથી જ અટલ, સંપૂર્ણ નિશ્ચિતબુદ્ધિ, પ્રભુપિતાના ભગીરથ કાર્ય પ્રત્યે, મીઠા બાબા પ્રત્યે આદર સન્માનને લઈને, બાબાની તમામ આજ્ઞાઓને દિલથી શિરોમાન્ય રાખી. યજ્ઞરક્ષક, વફાદાર,

ફરમાનદાર બનીને રહ્યા. તેઓ મીરાંની જેમ એક શિવબાબા દૂસરા ના કોઈ એટલે કે અનાસક્ત અને સ્મૃતિલ્બ્ધાની જેમ જીવન જીવ્યા. તેઓ લાખો આત્મા માટે દયાની દેવી હતા. સર્વ પ્રત્યે અંતરમનની શુભભાવનાઓ રાખી સર્વને માફ કરવાની ભાવના, જતુ કરવાની ભાવના, સર્વને આગળ વધારવાની ભાવના, દરેક કાર્યમાં સૌને સાથે લઈને ચાલવાની તેમની શ્રેષ્ઠ વૃત્તિ, સૌ કોઈ માટે પ્રેમભાવ આદરભાવ તેમણે રાખેલ. તેઓએ વાણીની સાથે-સાથે પોતાના આદર્શ વ્યવહાર દ્વારા અન્ય આત્માઓના ગુણગાન કરી, અન્ય આત્માની વિશેષતાઓની મહિમા કરી-કરીને, બ્રાહ્મણ પરિવારમાં અનેક દિવ્ય ગુણો આપ્યાં હતા. તેઓ સદા સંતુષ્ટ, દિવ્યતા સંપન્ન, પ્રસન્નતાથી ભરપૂર, શાંત, મીઠા અને ખૂબ પ્રેમભર્યા વ્યવહારથી તેમણે અનેક લોકોના દુઃખ, દર્દ અને ગમના આવરણોને દૂર કરી, આનંદ-ખુશી તેમણે આપી હતી. તેઓ જીવન પર્યંત એટલે કે છેલ્લા શ્વાસ સુધી બાબાના આદર્શ વિદ્યાર્થી બનીને રહ્યા હતા. અમૃતવેળાના શક્તિશાળી યોગ, દરરોજની આધ્યાત્મિક જ્ઞાનમુરલી સંભળાવ્યા પછી પણ મુરલીનું દિવસ દરમિયાન ઓછામાં ઓછું ત્રણેક વખત અધ્યયન કરતાં. સમય, સંકલ્પ અને શ્વાસને સદેવ બેહદની સેવામાં સફળ કરી વિશ્વના કરોડો લોકોના દિલમાં સ્થાન મેળવીને જીવનને ઉજાગર કરતાં રહ્યા.

આવો, આપણે સૌ દાદીજીના જીવન-ચરિત્રમાંથી દિવ્ય ગુણોના બોધ લઈને સ્વયંના જીવનને દિવ્ય બનાવીએ. હજી પણ રહેલી કમી-કમજોરીઓને અર્પણ કરી, દિવ્યગુણ સંપન્ન જીવન બનાવવાનો દ્રઢ સંકલ્પ કરી આદરણીય દાદીજીને સ્નેહાંજલિ અર્પણ કરીએ. સમગ્ર વિશ્વના વંદનીય વિભૂતિ દાદી પ્રકાશમણિજી ને શત-શત કોટી-કોટી ભાવપૂર્ણ શ્રદ્ધાના સુમન અર્પણ...

॥ ઓમશાંતિ ॥

- **ઈશ્વરીય કાર્યમાં સહયોગ આપવો એમાં મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે એની નિશાની - ગુરુદ્વારામાં જુઓ મોટામોટા વી.આઈ.પી. સેવા કરવા જાય છે. આ તો સીધા ઈશ્વરીય કાર્યમાં સહયોગી બનવું એ કેટલું પુણ્ય છે. આ પુણ્યની મૂડી મૃત્યુ પછી પણ સાથે જશે. બીજું કંઈ નહીં આવે. સ્નેહી, સહયોગી બનતા રહો.**

**(પેજ નં. 31નું અનુસંધાન)... અજ્ઞાનવશ કરેલ**

અને રાઈમાંથી રૂ જેટલું હલકું બની જશે. કર્મ ભોગનામાં પણ આપણને ઈશ્વરીય બળ મળશે. સુખની પ્રાપ્તિ, અનુભૂતિ થશે. આગળના માટે સાવધાની રહે કે મારાથી ફરીથી કોઈ વિકર્મ ન થાય. જેથી મારે ફરીથી દુઃખી હેરાન થવું પડે. ભગવાનની યાદ રહે. એવું સમજો કે પરમાત્મા આ કર્મ મારા દ્વારા કરાવી રહ્યા છે. હું જો ધ્યાન નહીં આપું તો મારે ધર્મરાજપુરીમાં હિસાબ ચૂકવવો પડશે. તે પછી ભગવાનને હું કેવી રીતે મોં બતાવીશ. આટલું ધ્યાન રાખીશું તો આપણા કર્મમાં સુધારો થશે. આપણું જીવન ધન્ય-ધન્ય બની જશે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જુલાઈ - ૨૦૨૨ માસની શબ્દાવલી ભાગ - ૨૦ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૧ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૧ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૧

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 | | 5 | 6 | | 7 |
| 8 | | 9 | | | | 10 | | 11 | |
| 12 | | | | 13 | 14 | | | 15 | |
| | | | | 16 | | | 17 | | |
| 18 | 19 | | 20 | | | 21 | | | |
| | 22 | 23 | | | | 24 | | | 25 |
| 26 | | | | | | | | 27 | |
| | | | 28 | 29 | 30 | | 31 | | |
| 32 | | 33 | | | | 34 | | | |
| | | | | 35 | | | | | 36 |

## શબ્દાવલી ભાગ - ૨૦ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ગુ | રૂ | 2 વા | 3 ર | | 4 મ | જા | | 5 બ | સ |
| રૂ | | 6 મ | ત | | ન | | 7 પ | ળ | |
| 8 પૂ | જ | ન | | 9 સા | મો | | 10 રિ | વા | જ |
| ર્ણિ | | | 11 મા | | 12 હિ | દુ | સ્તા | ન | |
| 13 મા | સી | | | 14 દા | ની | | ન | | 15 ભ |
| | | 16 ભૂ | 17 રી | દા | દી | | | 18 સં | ગ |
| 19 અ | | 20 ગો | ડ | | 21 દી | 22 દા | 23 ર | | વા |
| 24 કા | 25 જ | ળ | | 26 તુ | | 27 ર | થ | 28 વા | ન |
| 29 લ | વ | | 30 અ | ષા | ઢ | | 31 યા | દ | |
| | | 32 આ | મી | ર | | 33 ગા | ત્રા | ળ | માં |

**આડી ચાવીઓ -**

1. દાદી પ્રકાશમણિનું લૌકિક નામ (૨)
3. શ્રાવણ સુદ પાંચમનો તહેવાર (૫)
8. ખારેકમાંથી બને (૩)
10. ૧૪ ઓગષ્ટ .......નો સ્મૃતિદિન (૪)
12. રાત્રિ ભોજન (૩)
13. આઓ, પ્રભુ .... આઓ (૩)
15. આદત (૨)
16. પંખીઓને .... નખા (૨)
17. કિંમતી વસ્તુ રાખવામાં આવે (૩)
18. તાળાનું અંગ્રેજી (૨)
20. વાડીએ લઈ જવાનું ભોજન (૨)
21. ધર્માદાનું અંગ્રેજી (૩)
22. હમે તીવ્ર ... બનના હૈ (૪)
24. ......, કહાઁ ઔર કૈસે (૨)
26. મુલામ (૩)
27. ......પુરાની ઓ સાથી, સંભલ કે ચલ તું (૨)
28. અનાજ ઉલ્ટું લખો (૩)
31. મૃગ (૩)
32. હમે સતયુગ મે... બનના હૈ (૭)
35. શ્રી કૃષ્ણ જન્મદિવસ (૪)

**ઉભી ચાવીઓ -**

1. રક્ષાસૂત્ર, રાખી (૩)
2. યજ્ઞની એક સુપ્રસિદ્ધ સૂકા મેવાની મિઠાઈ (૩)
4. મહારાષ્ટ્રમાં ધામધૂમથી ઉજવાતો તહેવાર (૬)
5. રસમ, રિવાજ, રૂઢિ, ચાલતું નાણું (૩)
6. મોરબીની એક નદી (૨)
7. કિનારો (૪)
9. ૨ અક્ષર ત્રણ વાર લખો (૩)
11. એક રાજસ્થાની વાનગી (૪)
14. રેતાળ પ્રદેશ (૨)
17. 'નજીક' શબ્દનું હિંદી (૩)
19. એક સુગંધીત પદાર્થ (૩)
20. બોલવાની ક્રિયા, વાણી (૨)
21. સ્વયં-સ્વયં કે .... બનો (૩)
23. ઓરડો (૨)
25. ......પવિત્ર માસ (૩)
27. એક ભક્ત (૩)
28. યહા, વહા, .... તહા (૨)
29. નાખુશ, અપ્રસન્ન (૩)
30. શિવબાબાની એક મહિમા (૩)
32. ..... ની દેવી સરસ્વતી (૨)
33. તોફાન, અટકચાળો (૨)
34. નાશ, પાયમાલ (૨)
36. ઉનાળાની ગરમ હવા (૧)



સુરત મોટા વરાછા દ્વારા ચૌટા બજાર થી વેલંજા સુધીના વિસ્તારમાં આયોજીત 'સડક સુરક્ષા યાત્રા' અભિયાનના યાત્રીગણ.



અસલાલી દ્વારા પીરાણા ખાતે 'કિસાન અભિયાન'માં તીર્થધામ પ્રેરણાતીર્થના ટ્રસ્ટી હર્ષદભાઈ અને દેવજીભાઈ, બ્ર.કુ. જયાબેન.



બોરસદ ખાતે 'કિસાન અભિયાન'માં મદદનીશ ખેતી નિયામક એમ.એસ.સૈયદ, BJP કિસાન મોરચા પ્રમુખ ભરતભાઈ, ઉપપ્રમુખ પંકજભાઈ તથા વિક્રમભાઈ, બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. દક્ષાબેન.



આંકલાવ ખાતે 'કિસાન અભિયાન'માં BJP કિસાન મોરચા પ્રમુખ યોગેશભાઈ, BJP તાલુકા સભ્ય વિશાલભાઈ, દૂધડેરીના ચેરમેન જીતુભાઈ, બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. ભારતીબેન.



નખત્રાણામાં સેવાકેન્દ્રની મુલાકાતે પધારેલ વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્ય, જીલ્લા પંચાયતના સભ્ય નયનાબેન, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સંધ્યાબેન અન્ય મહેમાનો, બ્ર.કુ.કિરણબેન.



અમદાવાદ ન્યુ મણિનગર ખાતે 'આત્મ નિર્ભર કિસાન અભિયાન'ને લીલી ઝંડી આપતાં પશ્ચિમ રેલ્વે પૉલીસ ફોર્સના અધિકારી પુરણસિંહ રાજપુત, બ્ર.કુ. સોનલબેન, બ્ર.કુ. પ્રીતિબેન, અભિયાન યાત્રીઓ.



બાવળામાં 'આત્મ નિર્ભર કિસાન અભિયાન'માં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ, નગરપાલિકા ચેરમેન દીપકભાઈ, મ્યુનિસિપલ કાઉન્સીલર રાજેશભાઈ, બ્ર.કુ. ગીતાબેન અને અભિયાન યાત્રીઓ.




કિલ્લા પારડી ખાતે સીનીયર સીટીઝન ક્લબના વાર્ષિક ઉત્સવમાં ક્લબના પ્રમુખ ભ્રાતા રામચંદ્રભાઈ ગાંધી, વકીલ ભ્રાતા જયપ્રકાશભાઈ દેસાઈ, ડૉ. મુસ્તાક કુરેશી, બ્ર.કુ. પારૂલબેન.

**Gyan Amrit** Vol.15 | Issue 08 | August 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




ગાંધીનગર ખાતે 'કલ્પતરૂ' પ્રોજેક્ટમાં ગુજરાતના મુખ્યમંત્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલ, મેયર ભ્રાતા હિતેશ મકવાણા, બ્ર.કુ.ઉષાબેન, બ્ર.કુ. કૈલાસબેન, MLA ભ્રાતા શંભુજી ઠાકોર, શહેર BJP અધ્યક્ષ ભ્રાતા રૂચીર ભટ્ટ, જીલ્લા કલેક્ટર ભ્રાતા ડૉ. કુલદીપ આર્ય.



વ્યારામાં 'ખુશીનો પાસવર્ડ'કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, ઉકા તરસાડીયા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કીરીટભાઈ, સુગર ફેક્ટરીના માલિક ભાવેશભાઈ, MLA ઈશ્વરભાઈ, અખિલ હિન્દ મહિલા પરીષદના VP ડૉ. લક્ષ્મીબેન, ભગિની નિરંજનાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. અરૂણાબેન.






અમદાવાદ રામનગર સેવાકેન્દ્રના નવનિર્મિત 'સુખસાગર ભવન'ના શુભ ઉદ્‌ઘાટન પ્રસંગે આયોજીત 'ભવ્ય પંચ મહોત્સવ'નું ઉદ્‌ઘાટન કરતાં મા. આબુ મુખ્યાલયથી પધારેલ બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. લલિતભાઈ, બ્ર.કુ. મંજુબેન તથા વિશિષ્ટ અતિથીઓ.



સુરત પરવટમાં નડિયાદ ગ્રુપ સેન્ટરના ટીચર્સ બહેનોના વિશિષ્ટ સ્નેહમિલન કાર્યક્રમમાં બ્ર.કુ.પુર્ણિમાબેન, સર્વ રૂહાની શિક્ષક વૃંદ.




અમદાવાદ લોટસ હાઉસ દ્વારા 'વિશ્વ યોગ દિવસે' આયોજીત યોગ શિબિરમાં આબુરોડથી પધારેલ બ્ર.કુ. ડૉ. પ્રેમ મસંદ તથા ભાઈ-બહેનો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com